dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 143 | AD - 2026, Fagan Sud - 12 | Saturday, Dt. 28-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પાકિસ્તાન દ્વારા કાબુલ, કંદહાર અને પકિતયામાં કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં કાર્યવાહી કરાઈ

# તાલિબાનનો વળતો પ્રહાર: પાકિસ્તાની સૈન્ય ઠેકાણાઓ અને વડાપ્રધાન કાર્યાલય પર ડ્રોન હુમલા કર્યા

### ૫૫ પાકિસ્તાની સૈનિકોને ઠાર કર્યા,૧૫થી વધુને બંધક બનાવ્યા

કાબુલ,તા.૨૭

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સરહદી વિવાદ હવે પૂર્ણ સ્તરના યુદ્ધમાં ફેરવાઈ ગયો છે. તાલિબાને પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાનો બદલો લેતા પાકિસ્તાનના અનેક સૈન્ય મથકો અને ઈસ્લામાબાદ સ્થિત વડાપ્રધાન શાહબાઝ શરીફના કાર્યાલય નજીકના વિસ્તારોને આત્મઘાતી ડ્રોન વડે નિશાન બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. તાલિબાન સંરક્ષણ મંત્રાલયના નાયબ પ્રવક્તા હમદુલ્લાહ ફિતરતે જણાવ્યું હતું કે, આ કાર્યવાહી પાકિસ્તાન દ્વારા કાબુલ, કંદહાર અને પકિતયામાં કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં કરવામાં આવી છે. અફઘાન હવાઈ દળોએ સવારે ૧૧ વાગ્યે પાકિસ્તાનના ઈસ્લામાબાદ (ફૈઝાબાદ), નૌશેરા આર્મી કેન્ટોનમેન્ટ, જમરુદ મિલિટરી કોલોની અને એબોટાબાદ જેવા વ્યૂહાત્મક સ્થળો પર ચોકસાઈપૂર્વક હુમલા કર્યા હતા. તાલિબાને આ ઓપરેશનને 'સંપૂર્ણ સફળ' ગણાવ્યું છે.




આ અગાઉ, પાકિસ્તાની સૈન્યએ 'ઓપરેશન ગઝબ-ઉલ-હક હેઠળ અફઘાનિસ્તાનના વિવિધ શહેરોમાં તાલિબાનના ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો હતો. પાકિસ્તાનનો દાવો છે કે આ હુમલામાં ૧૩૩ લોકો માર્યા ગયા છે, જેમાં તાલિબાનના ટોચના કમાન્ડરોનો સમાવેશ થાય છે. બીજી તરફ, અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે વળતો દાવો કર્યો છે કે તેમણે ૫૫ પાકિસ્તાની સૈનિકોને ઠાર કર્યા છે, ૧૫ થી વધુને બંધક બનાવ્યા છે અને પાકિસ્તાનની ૨૩ સરહદી ચોકીઓ પર કબજો જમાવી લીધો છે. બંને દેશો વચ્ચેના આ ભીષણ સંઘર્ષના મૂળમાં 'ડ્યુરન્ડ લાઈન' રહેલી છે. ૧૮૯૩માં બ્રિટિશ ભારતના વિદેશ સચિવ સર હેનરી મોર્ટિમર ડ્યુરન્ડ અને અફઘાનિસ્તાનના અમીર અબ્દુર રહેમાન ખાન વચ્ચે આ સરહદ નક્કી કરવામાં આવી હતી. આ ૨,૪૩૦ કિલોમીટર લાંબી રેખા પશ્તુન વંશીય પ્રદેશને બે ભાગમાં વહેંચે છે. અફઘાનિસ્તાને ક્યારેય આ સરહદને સત્તાવાર માન્યતા આપી નથી. ૨૦૨૧માં તાલિબાન સત્તા પર આવ્યા બાદ તણાવમાં સતત વધારો થયો છે. પાકિસ્તાન દ્વારા સરહદ પર કરવામાં આવેલી ફેન્સિંગ (વાડ) ને તાલિબાને તોડી પાડી છે, જેને તેઓ પ્રાદેશિક અતિક્રમણ ગણાવે છે. યુદ્ધની આ સ્થિતિમાં સામાન્ય નાગરિકો પણ ભોગ બની રહ્યા છે. અફઘાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, તોરખામ સરહદ નજીક પાકિસ્તાનથી પરત ફરી રહેલા શરણાર્થી કેમ્પો પર પણ હુમલાની અસર થઈ છે, જેમાં અનેક નાગરિકો ઘાયલ થયા છે. કાબુલમાં અનેક વિસ્ફોટોના અવાજ સંભળાયા છે, જેનાથી ભયનો માહોલ સર્જાયો છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેનો આ સીધો લશ્કરી મુકાબલો દક્ષિણ એશિયાની સ્થિરતા માટે મોટું જોખમ ઊભું કરી રહ્યો છે. એક તરફ પાકિસ્તાન આતંકવાદ વિરોધી ઓપરેશનના નામે હુમલા કરી રહ્યું છે, તો બીજી તરફ તાલિબાન પોતાની સાર્વભૌમત્વ અને ડ્યુરન્ડ લાઈનના મુદ્દે પીછેહઠ કરવા તૈયાર નથી.

### સુરક્ષા એજન્સીઓને ઈ-મેઈલ મારફત ધમકીભર્યો સંદેશ મળ્યો હતો જેમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર સહિત

# અમરેલીની પોસ્ટઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ચકચાર

અમરેલી,તા.૨૭

અમરેલી શહેરની મધ્યમાં આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસ અને તેના જ પરિસરમાં કાર્યરત પાસપોર્ટ સેવા કેન્દ્રને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની વિગતો મુજબ, સુરક્ષા એજન્સીઓને ઈ-મેલ મારફતે એક ધમકીભર્યો સંદેશ મળ્યો હતો, જેમાં પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસને નિશાન બનાવવાની વાત કરવામાં આવી હતી. આ માહિતી મળતાની સાથે જ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું હતું. સુરક્ષાના કારણોસર તકેદારીના પગલાં રૂપે સમગ્ર બિલ્ડિંગને ખાલી કરાવવામાં આવ્યું હતું અને આસપાસના વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો.જેવો ધમકીભર્યો ઈ-મેલ મળ્યો કે તરત જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. તેની સાથે જ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS), ડોગ સ્ક્વોડ અને ફાયર બ્રિગેડની ટીમો પણ કાર્યરત થઈ ગઈ હતી. કચેરીમાં કામ કરતા કર્મચારીઓ અને ત્યાં હાજર અરજદારોમાં થોડા સમય માટે ભયનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ પોલીસે ધૈર્યપૂર્વક પરિસ્થિતિ સંભાળીને તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. બોમ્બ સ્ક્વોડ દ્વારા ઓફિસના દરેક ખૂણા,



કબાટો, પાર્સલ રૂમ અને પાર્કિંગ એરિયામાં અત્યાધુનિક ઉપકરણોની મદદથી તપાસ કરવામાં આવી હતી. કોઈ પણ બિનવારસી વસ્તુ કે શંકાસ્પદ પેકેટ ન મળી આવે તેની ખાસ કાળજી રાખવામાં આવી હતી. આ દરમિયાન ફાયર ફાઈટરોને પણ સજ્જ રાખવામાં આવ્યા હતા જેથી કોઈ પણ આપાતકાલીન સ્થિતિને પહોંચી વળી શકાય.

#### અફવાઓ પર ધ્યાન ન આપવા પોલીસની અપીલ

આ ગંભીર મામલે અમરેલી પોસ્ટ ઓફિસના સુપરિન્ટેન્ડન્ટ ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, તેમની વડી કચેરી તરફથી પાસપોર્ટ કેન્દ્રને ઉડાવી દેવાની ધમકી અંગેની સૂચના મળી હતી. આ સૂચનાના આધારે પ્રોટોકોલ મુજબ તાત્કાલિક ઓફિસ ખાલી કરાવીને પોલીસને જાણ કરવામાં આવી હતી. કલાકો સુધી ચાલેલી તપાસના અંતે કોઈ પણ વિસ્ફોટક પદાર્થ મળી આવ્યો ન હતો, જેના કારણે તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. પોલીસ દ્વારા તપાસ પૂર્ણ થયા બાદ પરિસરને સુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ તંત્રએ નાગરિકોને સોશિયલ મીડિયા પર ફેલાતી ખોટી અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને શાંતિ જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. હાલમાં આ ફેક ઈ-મેલ ક્યાંથી આવ્યો અને તેની પાછળ કોનો હાથ છે તે દિશામાં સાયબર ક્રાઈમ વિભાગે તપાસ તેજ કરી છે.

# કેનેડાના પ્રધાનમંત્રી આજથી ૪ દિવસ ભારતની મુલાકાતે, વ્યાપાર સબંધો મજબૂત બનાવશે

ન્યુ દિલ્હી,તા.૨૭

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની આજથી તેમની ચાર દિવસની ભારત મુલાકાતનો પ્રારંભ કરી રહ્યા છે. વડાપ્રધાન તરીકે આ તેમની પ્રથમ ભારત યાત્રા છે, જે બંને દેશો વચ્ચેના વ્યાપારિક અને વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકા પર કેનેડાની આર્થિક નિર્ભરતા ઘટાડીને નવા બજારો શોધવાનો છે. કાર્ની મુંબઈમાં અગ્રણી ઉદ્યોગપતિઓ



સાથે મુલાકાત કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લીન એનર્જી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં રોકાણ વધારવા પર ભાર મૂકશે. આ મુલાકાત પહેલા કેનેડાના વલણમાં નોંધપાત્ર નરમાશ જોવા મળી રહી છે. અગાઉના ગંભીર આરોપોથી પીછેહઠ કરતા કેનેડિયન અધિકારીઓએ સંકેત આપ્યો છે કે ભારત સાથેના સંબંધો સુધારવા માટે તેઓ તત્પર છે. ૧ માર્ચે નવી દિલ્હી પહોંચ્યા બાદ કાર્ની વડાપ્રધાન મોદી સાથે

### માર્ક કાર્ની મુંબઈમાં ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત કરશે

દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. આ બેઠકમાં લાંબા સમયથી અટકેલા 'કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ' પર ફરીથી ચર્ચા શરૂ થવાની શક્યતા છે. સુરક્ષા, સંરક્ષણ અને વેપાર બમણો કરવાના લક્ષ્ય સાથેની આ મુલાકાત ૭ માર્ચ સુધી ચાલશે, જે બાદ તેઓ ઓસ્ટ્રેલિયા અને જાપાન જવા રવાના થશે.

# પં.બંગાળમાં ૫.૪ની તીવ્રતાનો ભુકંપનો આંચકો, લોકોમાં ભય

કોલકાત્તા,તા.૨૭

શુક્રવારની બપોરે પશ્ચિમ બંગાળની ધરતી અચાનક ધ્રૂજી ઉઠતા જનજીવન પ્રભાવિત થયું હતું. બપોરે લગભગ ૧.૩૦ વાગ્યાના સુમારે રાજ્યની રાજધાની કોલકાતા સહિત અનેક સરહદી જિલ્લાઓમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. આ કુદરતી આપત્તિનું કેન્દ્ર પાડોશી દેશ બાંગ્લાદેશના ઢાકા સ્થિત અગરગાંવ વિસ્તારમાં હોવાનું સામે આવ્યું છે. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૫.૪ માપવામાં આવી હતી, જે સામાન્ય રીતે મધ્યમ ગણાય છે પરંતુ ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં તે ભારે ગભરાટ ફેલાવવા માટે પૂરતી હતી. પશ્ચિમ બંગાળથી અગરગાંગનું અંતર માત્ર ૨૬ કિલોમીટર હોવાને કારણે કોલકાતામાં તેની અસર ઘણી તીવ્ર હતી. શહેરની ગગનચુંબી ઈમારતો અને બહુમાળી રહેણાંક સંકુલમાં આંચકા એટલા જોરદાર હતા કે થોડી સેકન્ડો સુધી આખી ઈમારત ધ્રૂજતી રહી હતી. લોકો સોશિયલ મીડિયા પર પોતાના અનુભવો શેર કરતા જણાવી રહ્યા છે કે હાલના વર્ષોમાં તેમણે અનુભવેલો આ સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. કોલકાતા ઉપરાંત હાવડા, હુગલી, ઝાડગ્રામ અને પશ્ચિમ મેદિનીપુર જેવા જિલ્લાઓમાં પણ લોકોમાં ભારે ડર જોવા મળ્યો હતો. અનેક ઘરોમાં છત પરના પંખા હલતા જોવા મળ્યા અને રસોડામાં રાખેલી ચીજવસ્તુઓ નીચે પડવા લાગી હતી. અમુક જૂના અને જર્જરિત મકાનો નમી ગયા હોવાના અહેવાલો પણ પ્રાપ્ત થયા છે, જોકે સદનસીબે હજુ સુધી કોઈ મોટી જાનહાનિ કે ગંભીર નુકસાનની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પશ્ચિમ બંગાળમાં છેલ્લા કેટલાક સમયથી ભૂકંપની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે, જે ચિંતાનો વિષય છે.

# મથુરાના વૃંદાવનનું પરિસર રંગબેરંગી ગુલાલની છોળોથી રંગાયુ

મથુરા, તા.૨૭

મથુરાના વૃંદાવનમાં શુક્રવારે એક અનોખો નજારો જોવા મળ્યો, જ્યાં બાંકે બિહારીજીને રંગ અને અબીલ અર્પણ કરવાની સાથે જ વ્રજની સુપ્રસિદ્ધ હોળીનો વિધિવત પ્રારંભ થયો હતો. સમગ્ર મંદિર પરિસર રંગબેરંગી ગુલાલની છોળોમાં ડૂબેલું જણાતું હતું. સવારના સમયે પૂજારીઓએ ભક્તો પર પ્રસાદી રૂપે ગુલાલની વર્ષા કરી હતી અને સાથે જ ફૂલ, જલેબી તથા લાડુ પણ વહેંચ્યા હતા, જે મેળવવા માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.શરીર પર અબીલ પડતાની સાથે જ ભક્તો ભાવવિભોર થઈ ઝૂમી ઉઠ્યા હતા અને બાંકે બિહારીના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.


# લીકર પોલિસી કેસમાં કેજરીવાલ અને સીસોદીયા નિર્દોષ જાહેર

ન્યુ દિલ્હી,તા.૨૭

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે લિકર પોલિસી સંબંધિત સીબીઆઈ કેસમાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટે સ્પષ્ટ જણાવ્યું કે પૂરતા અને વિશ્વસનીય પુરાવા વગર આરોપોને કાનૂની રીતે સાબિત કરી શકાય નહીં. આ કેસમાં અરવિંદ કેજરીવાલ અને મનિષ સીસોદીયા સહિત કુલ ૨૩ લોકો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.



તેમ છતાં, અદાલતે કોઈપણ આરોપી સામે આરોપો ઘડવાનો ઈનકાર કર્યો અને તમામને મુક્ત કર્યા. ચુકાદામાં અદાલતે જણાવ્યું કે તપાસ એજન્સી દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો અને સાક્ષીઓ કાનૂની માપદંડોને પૂર્ણ કરતા નથી.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૮-૦૨-૨૦૨૬

# અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જૂનાગઢ ખાતે ખેડુતોની એક્સ્પોઝર વિઝીટ યોજાઇ

અમરેલી,તા.૨૭

અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ચાલતા ARYA પ્રોજેક્ટ અંતર્ગત જુનાગઢની કૃષિ યુનિવર્સિટી ખાતે એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ ૨૦૧૫-૧૬માં શરૂ કરવામાં આવેલી એક પહેલ છે. જેનો ઉદ્દેશ્ય ગ્રામીણ યુવાનોને કૃષિ-આધારિત વ્યવસાયો તરફ આકર્ષિત કરીને, તેમને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVKs) દ્વારા તાલીમ અને ટેકનિકલ સપોર્ટ આપીને સ્વરોજગાર માટે સક્ષમ બનાવવાનો છે. આ સંદર્ભે કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાં ડો. મિનાક્ષી કે બારીયાનાં માર્ગદર્શનમાં તા. ૨૬નાં રોજ ARYA પ્રોજેક્ટ ઈન્ચાર્જ ડો. નેહા તિવારી દ્વારા જુનાગઢની કૃષિ યુનિવર્સીટીમાં એક્સપોઝર વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતુ.




# રાજુલા અને ખાંભામાં વીજ કંપનીનો સપાટો, રૂ.૪૭.૯૧ લાખની વીજચોરી ઝડપાઇ

**વીજતંત્રની કડક કાર્યવાહીને કારણે વીજચોરોમાં ફફડાટ ફેલાયો**

અમરેલી,તા.૨૭

અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતા રાજુલા ટાઉન અને રૂરલ તેમજ ખાંભા સબ ડિવિઝન વિસ્તારમાં આજે વીજ કંપની દ્વારા મેગા વિજિલન્સ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. વીજચોરી ડામવાના આશય સાથે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં કુલ ૩૩ ટુકડીઓએ દિવસભર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. તંત્ર દ્વારા કુલ ૪૮૦ વીજ કનેક્શન્સનું બારીકાઈથી ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૮૫ કનેક્શન્સમાં ગંભીર ગેરરીતિ અને વીજચોરી માલૂમ પડી હતી. આ કિસ્સાઓમાં વીજ અધિનિયમની કલમ હેઠળ કાર્યવાહી કરી, અંદાજિત રૂ.૪૭.૯૧ લાખના પૂરવણી બિલ ફટકારવામાં આવ્યા છે. વીજ તંત્રની કડક કામગીરીને કારણે વીજચોરોમાં ફફડાટ ફેલાયો છે.



# 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ખોવાયેલ મોબાઈલ પરત આપતી લાઠી પોલીસ

અમરેલી,તા.૨૭

લાઠી પોલીસે ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ ભાવનાને સાર્થક કરતા એક અરજદારનો ગુમ થયેલો કિંમતી મોબાઈલ શોધી કાઢી પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. લાઠીના ટોડા ગામના રહેવાસી પંકજભાઈ ઝાપડિયાનો અંદાજિત રૂ.૧૩,૪૧૦ની કિંમતનો ઓપો A-59 મોડેલનો ફોન ગુમ થયો હતો. આ બાબતે પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. સોનીના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. ટેકનિકલ સોર્સ અને IME નંબરના આધારે મોબાઈલનું લોકેશન ટ્રેસ કરીને તેને સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી આ મોબાઈલ તેના મૂળ માલિકને પરત સોંપવામાં આવતા અરજદારે પોલીસ વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચિતલ શહેરમાં સિદ્ધપુરા પરિવારના સહયોગથી ૧૨૬મો નેત્રયજ્ઞ યોજાયો

ચિતલ,તા.૨૭

ચિતલમાં વિદ્યા ભારતી ટ્રસ્ટ અને રણછોડદાસ હોસ્પિટલ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે રામુબેન કાનજીભાઈ સિધ્ધપુરા અને સ્વ કાનજીભાઈની સ્મૃતિમાં શરદ કુમાર સિદ્ધપુરાના સહયોગથી ૧૨૬મો નેત્ર યજ્ઞ યોજાયો હતો. આ તકે અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના ઉપપ્રમુખ ભીખાભાઈ કથરીયા હસ્તે તેનું ઉદ્ઘાટન થયું હતું. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, તાલુકા પંચાયત અમરેલીના ચેરમેન જે.બી. દેસાઈ, વેપારી મંડળના પ્રમુખ સુખદેવસિંહજી સરવૈયા, રંજનબેન ડાભી, વિશ્વ હિન્દુ પરિષદના મનુભાઈ અસલાલીયા, મોતીભાઈ કાનાણી વગેરે ઉપસ્થિત રહેલ. આ કેમ્પમાં ૧૨૬ દર્દીઓની તપાસ કરેલ અને તેમાંથી ૫૮ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ લઈ જવામાં આવેલ હતા.



# સા.કુંડલામાંથી ૪, લાઠીના સરકારી પીપળવા ગામેથી ૭ શકુની ઝડપાયા

અમરેલી,તા.૨૭

સાવરકુંડલા રૂરલ પોલીસે હિતેશભાઇ એભલભાઇ ભુકણ, યાસીનભાઇ જમાલભાઇ પઠાણ, ઈમરાનભાઇ રસુલભાઇ શેખ, મુનાજીરભાઇ મજીતભાઇ બેલીમ ગંજી પત્તાના પાના વડે તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૮,૨૦૦, હાથબતી નંગ-૧, મોટર યાકલ નંગ-૦૪ કુલ કિં.રૂ.૭૫,૦૦૦ મળી કુલ રૂા.૯૩,૨૨૦ના મુદામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. જયારે ૪ શખ્સો ફરાર થઈ ગયા હતા. તો લાઠીના સરકારી પીપળવા ગામેથી દેવીપુજક વાસમાં જયસુખભાઇ લાલજીભાઇ ચારોલીયાના રહેણાંક મકાન પાછળ ખુલ્લી શેરીમાં જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસાથી હારજીતનો જુગાર રમી રમતા રોકડા રૂા.૧૨,૧૨૦ સાથે ઝડપાયા હતા

# સાવરકુંડલાના ગોરડકા ગામે કૌટુંબિક વાંધામાં યુવકને જાનથી મારવાની ધમકી

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલાના ગોરડકા ગામે કૌટુંબિક કારણોસર ચાલતા વાંધામાં યુવકને માથામાં કુહાડી મારીને ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે મેહુલભાઇ દડુભાઇ પરમાર (ઉ.વ.૨૦) એ ) સુભાષભાઈ બાઘાભાઈ પરમાર, ભરતભાઈ બાઘાભાઈ પરમાર, કીશોરભાઈ બાઘાભાઈ પરમાર તથા અજીતભાઈ કીશોરભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના કૌટુંબિક માસા રાઠોડભાઈ ભીખાભાઈ પરમારને સુભાષભાઈ પરમાર સાથે કોઈ કૌટુંબિક કારણસર વાંધો ચાલતો હતો. જે વાતનુ મનદુખ રાખી આરોપીઓ સાહેદોને માર મારવા દોડતા તેઓ પોતાની હવાલાવાળી મોટર સાયકલ મુકી જતા રહ્યા હતા. જેમાં નુકશાન કર્યું હતું. તેમજ તેઓ સાહેદોના સગા થતા હોય જેનું આરોપીઓએ મનદુઃખ રાખી માથાના ભાગે કુહાડી મારી ઈજા કરી હતી. તેમજ પ્લાસ્ટીકના પાઈપ વડે આડેધડ શરીરે માર મારી મૂઢ ઈજા કરી જેમફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ પી એ ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના જેસીંગપરા ખાતે રવિવારે વિરાટ હિન્દુ સંમેલન

અમરેલી,તા.૨૭

અમરેલી શહેરના જેસીંગપરા વિસ્તારમાં શિવાજી હિન્દુ સંમેલન સમિતિ દ્વારા આગામી ૧ માર્ચ, ૨૦૨૬ ને રવિવારના રોજ એક ભવ્ય'વિરાટ હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં મુખ્ય વક્તા તરીકે RSS અમરેલી નગરના સંચાલક હિતેશભાઈ રેણુકા પ્રબોધન આપશે. આ પ્રસંગે પૂ. શિવમદાસબાપુ (રીકડીયા), સુકસ્વરૂપ સ્વામી અને કિશનદાસ બાપુના આર્શીવચન પ્રાપ્ત થશે. આ સંમેલનનો સમય સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે શ્રી વાઘેશ્વરી માતાજી મંદિરનું મેદાન, ધર્મજીવન હોસ્પિટલ પાછળ, જેસીંગપરા, અમરેલી ખાતે યોજાશે. આયોજક મુકેશભાઈ કુંજડીયા અને નિલેશભાઈ ધાનાણીએ તમામ હિન્દુ સમાજને સહપરિવાર ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# ધારી શહેરમાં રહેતી અને બ્યુટીપાર્લર ચલાવતી પરિણીતાને પતિએ ત્રાસ આપ્યો

ધારી, તા.૨૭

ધારીમાં રહેતી અને બ્યુટીપાર્લર ચલાવતી એક પરિણીતાને પતિએ ત્રાસ આપ્યો હતો. આ અંગે મિતલબેન રતીભાઈ રૂડાણી (ઉ.વ.૩૫) એ પતિ કૌશિકભાઈ મનુભાઈ કાતરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને નાની-નાની વાતોમાં ઝઘડો કરી મેણા ટોણા માર્યા હતા. જેમ ફાવે તેમ ગાળો આપી શારીરીક અને માનસીક ત્રાસ આપીને મુંઢ માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# વંડા ગામે ઈન્સ્ટાગ્રામ પર સસ્તો સામાન વેચવાની લાલચ આપી વેપારી સાથે ઠગાઈ

**વેપારીને ઠગાઈ થઈ હોવાની જાણ થતા જ વંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૨૭

સોશિયલ મીડિયાના માધ્યમથી છેતરપિંડી કરતી ટોળકીઓ હવે ગ્રામ્ય વિસ્તારોના વેપારીઓને નિશાન બનાવી રહી છે.

સાવરકુંડલા તાલુકાના વંડા ગામના એક વેપારી સાથે ઈન્સ્ટાગ્રામ પર ખેતીલક્ષી સામાનના નામે રૂ. ૧૬૨૫૦ની ઠગાઈ થઈ હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. વંડા ગામે રહેતા વેપારી ગુલામઅહેમદ શાહબુદીનભાઈ ખદરાણી (ઉ.વ.૪૯) એ ઈન્સ્ટાગ્રામ એપમાં "patel agro droi wala" ની ઝટકા મશીનની દોરી તથા FRP Stickની જાહેરાત કરનાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબતેમણે ઈન્સ્ટાગ્રામ પર ''પટેલ એગ્રો દોરીવાલા'' નામની એક જાહેરાત જોઈ હતી. આ એડમાં દર્શાવેલા મોબાઈલ નંબર પર વેપારીએ સંપર્ક કર્યો હતો. સામે પક્ષે વાત કરનાર શખ્સે પોતાની ઓળખ પટેલ એગ્રોના પ્રતિનિધિ તરીકે આપી વિશ્વાસ કેળવ્યો હતો. વેપારીએ ખેતીમાં ઉપયોગી એવી ઝટકા મશીનની ૫૦ કિલો દોરી અને ૧૦૦ કિલો FRP સ્ટિકનો ઓર્ડર આપ્યો હતો. જેની કુલ કિંમત રૂ. ૧૬૨૫૦ નક્કી કરવામાં આવી હતી. આરોપીએ મોકલેલા સ્કેનર પર વેપારીએ ફોન-પે મારફતે પૂરેપૂરી રકમ ચૂકવી દીધી હતી. આરોપીએ વેપારીને ખાતરી આપી હતી કે આ સામાન બીજા જ દિવસે સાવરકુંડલાના જલારામ ટ્રાન્સપોર્ટ પર મળી જશે. જોકે, લાંબો સમય વીતવા છતાં સામાન ન પહોંચતા અને મોબાઈલ નંબર પર સંપર્ક ન થતા વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. તપાસમાં બહાર આવ્યું કે આરોપીએ ઠગાઈ કરવાના ઈરાદે જ સોશિયલ મીડિયામાં ખોટા નામે જાહેરાત મૂકી હતી. વંડા પોલીસે આ મામલે ગુનો નોંધી, મોબાઈલ નંબર અને બેંક ટ્રાન્ઝેક્શનના આધારે તપાસ તેજ કરી છે. વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ પી.જે.રામાણી વધુ તપાસ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

### પેટ્રોલીંગ દરમિયાન પોલીસને બાતમી મળતા વાડીની ઓરડીમાં તપાસ દરમિયાન

# માંડવડામાં SOGનો દરોડો: દેશી બંદૂક સાથે રીઢો ગુનેગાર ઝડપાયો

અમરેલી,તા.૨૭



અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર હથિયારો પકડવા માટે ચાલી રહેલા ખાસ અભિયાન અંતર્ગત સ્પેશિયલ ઓપરેશન બ્રાન્ચ (SOG)ને મોટી સફળતા મળી છે. એ.ટી.એસ. ચાર્ટર મુજબ રાજ્યમાં ગંભીર ગુનાઓ રોકવા માટે અપાયેલી સૂચનાઓને પગલે એસ.ઓ.જી. પીઆઇ આર.ડી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ અમરેલી તાલુકામાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે માંડવડા ગામના સીમ વિસ્તારમાં એક શખ્સ પાસે હથિયાર છુપાયેલું છે. બાતમીના આધારે પોલીસે માંડવડાથી સનાળીયા જવાના રસ્તે આવેલી એક વાડીની ઓરડીમાં દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં ૪૫ વર્ષીય ખેડૂત સાયરભાઈ કાળુભાઈ ગોરીને એક દેશી બનાવટની જામગરી બંદૂક સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. નોંધનીય છે કે પકડાયેલ આરોપી સાયરભાઈ અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેની વિરૂધ્ધ દારૂબંધીના કુલ ૧૫ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલમાં આરોપી વિરુદ્ધ હથિયારબંધીના જાહેરનામાના ભંગ બદલ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**ગેરકાયદેસર હથિયારો વિરૂધ્ધ પોલીસનું વિશેષ અભિયાન હાથ ધરાયુ**

# અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના જન્મ દિવસની સેવામય ઉજવણી

અમરેલી,તા.૨૭



ભારતીય જનતા પાર્ટી અમરેલી જીલ્લાના પ્રમુખ અતુલભાઈ ભીખુભાઈ કાનાણીના ૪૮માં જન્મ દિવસે જીલ્લા ભાજપના હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકરો દ્વારા વિવિધ સેવાકીય કાર્યો સાથે ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થી કાળથી પક્ષ માટે સમર્પિત ભાવે સક્રિય રહીને યુવા મોરચો અને મંડળ પ્રમુખ જેવી વિવિધ જવાબદારીઓ નિભાવી ચૂકેલા અતુલભાઈના જન્મદિને સોશિયલ મીડિયામાં પણ શુભેચ્છાઓનો ધોધ વહ્યો હતો. જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે અમરેલીના મુખ્ય મથક ખાતે શ્રમિક વસાહતના બાળકોને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જરૂરિયાતમંદ બાળકોને અભ્યાસ માટે ચોપડાનું વિતરણ અને ઝુપડપટ્ટીના બાળકોને દાબેલી-ચોકલેટ ખવડાવીને ખુશી વહેંચવામાં આવી હતી.

# વડીયા ખાતે હઝરત ગેબનશાહ પીરનો ઉર્ષ શરીફ ઉજવાયો

વડીયા,તા.૨૭



વડીયા ખાતે કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા હઝરત ગેબનશાહ પીરના ઉર્ષ શરીફની શાનદાર ઉજવણી કરાઈ છે. આ અવસરે તારીખ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ની રાત્રે સંદલ શરીફનું ભવ્ય આયોજન થયું હતું, જેમાં સાવરકુંડલાથી પીર સૈયદ વસીમબાપુ કાદરીએ ખાસ હાજરી આપી આશીર્વચન પાઠવ્યા હતા. અમરેલીના જાણીતા કલાકાર વાહિદ મીર એન્ડ બ્રધર્સ દ્વારા મિલાદ શરીફની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. વડીયાની તમામ શાળાઓના બાળકો માટે બટુક ભોજનનું આયોજન કરાયું હતું. વર્ષોની પરંપરા મુજબ વિરજીભાઈ ભાડ, હનીફભાઈ મોગલ અને અકીલભાઈ પઠાણ સહિતના હિન્દુ-મુસ્લિમ યુવાનોએ સાથે મળીને જહેમત ઉઠાવી છે.

# રાજુલા શહેરની પીએમશ્રી વડનગર-૨ પ્રા.શાળામાં રંગોત્સવ કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૨૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરની પીએમશ્રી વડનગર-૨ પ્રાથમિક શાળામાં તા. ૨૬ને ગુરુવારના રોજ રંગોત્સવ કાર્યક્રમનું ભવ્ય અને વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું. આ રંગોત્સવ દરમિયાન વિવિધ થીમ આધારિત અંદાજે ૨૫ જેટલી સુંદર અને સર્જનાત્મક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉત્સાહ સાથે ભાગ લઈ પોતાની પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વાલીઓએ બાળકોને પ્રોત્સાહન આપી કાર્યક્રમની શોભા વધારી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સોયબભાઈ સુમરાએ બાળકોને આશીર્વચન પાઠવી તેમની પ્રતિભાની પ્રશંસા કરી હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય ડો. ગીતાબેન બગડા તથા સમગ્ર શિક્ષકમંડળના પ્રયાસોથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામેથી પરિણીતા કહ્યા વગર ઘરેથી ચાલી નીકળી

**બાબરામાં યુવતી ઘરેથી ચાલી નિકળતા પોલીસને જાણ કરાઈ**

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલાના આદસંગ ગામેથી પરિણીતા ઘરેથી ચાલી નીકળી હતી. જ્યારે બાબરામાંથી એક યુવતી પણ ક્યાંક જતી રહી હતી. આદસંગ ગામે રહેતા વલકુભાઈ સુખાભાઈ પીટગર (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્નિ વિલાસબેન તા.૨૬/૦૨/૨૦૨૬ના રાત્રીના આશરે બારેક વાગ્યાથી સવારના સાતેક વાગ્યા સુધીમા આદસંગ ગામ ખાતેથી પોતે પોતાની મેળે કોઈને કાંઈ કહ્યા વગર ક્યાંક જતા રહ્યા હતા. બીજા બનાવમાં બાબરામાં રહેતા અને દરજીકામ કરતાં હરેશભાઈ વાલજીભાઈ ઝાપડીયા (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ તેમની દીકરી મોનાલી પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. આ બંને અંગે કોઈ ભાળ મળે તો પોલીસને જાણ કરવા વિનંતી છે.

# પીએમ મોદી આજે અજમેરથી ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી રસીનો શુભારંભ કરાવશે : જિલ્લા આરોગ્ય અધિકારી

અમરેલી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે આગામી તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ અજમેર, રાજસ્થાનથી ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવનાર છે. આ રાષ્ટ્રીય અભિયાનના અનુસંધાને ગુજરાતમાં પણ આ રસીકરણની શરૂઆત કરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ સર્વાઈકલ કેન્સરને જડમૂળથી ખતમ કરવાનો છે, જે ભારતમાં મહિલાઓને થતું બીજું સૌથી સામાન્ય કેન્સર ગણાય છે. સ્વાસ્થ્ય મંત્રાલયની યોજના મુજબ, આ અભિયાનના પ્રથમ તબક્કામાં ૧૪ વર્ષની શાળામાં અભ્યાસ કરતી કિશોરીઓને આવરી લેવામાં આવશે. આ વેક્સિનેશન પ્રક્રિયા વિવિધ શાળાઓ અને સરકારી સ્વાસ્થ્ય કેન્દ્રોના માધ્યમથી વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. તજજ્ઞોના જણાવ્યા અનુસાર, ૧૪ વર્ષની વયમાં આ વેક્સિન લેવાથી HPV સામે સૌથી અસરકારક સુરક્ષા મળે છે. નોંધનીય છે કે સર્વાઈકલ કેન્સરના લગભગ ૯૦ ટકા કેસો આ HPV વાયરસના સંક્રમણને કારણે જ થાય છે. દેશમાં કેન્સરની સ્થિતિ અંગેના આંકડા જોઈએ તો, દર વર્ષે સર્વાઈકલ કેન્સરના અંદાજે ૧.૨૫ લાખ નવા કેસ નોંધાય છે અને લગભગ ૭૫,૦૦૦ મહિલાઓ આ બીમારીને કારણે મૃત્યુ પામે છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ. જોષીની યાદીમાં જણાવાયું છે કે, નિયમિત સ્કીનીંગ અને સમયસર વેક્સિન લેવાને કારણે આ જીવલેણ બીમારીને સંપૂર્ણપણે રોકી શકાય છે.



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

સંકુલ ગર્લ્સને વિનંતી
સંકુલની સમગ્ર વ્યવસ્થા બાબત - પૂર્વ અને વર્તમાન ગર્લ્સનાં સુચન આવકાર્ય છે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક (ગર્લ્સ) સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી - Ad 209

TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઈંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો.૯૮૭૯૭ ૬૯૪૫૧


## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ નિતેશકુમાર નાનાલાલ ડઢાણીયા રહે રાજકોટની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-સાવરકુંડલા, મોજે-પીયાવાના ખેડ ખાતા નં.૮૧૧ જેના રે.સર્વે નં. ૮૬ પૈકી ૨ તથા સ.નં. ૮૬ પૈકી ૩, જેનુ બંનેનુ કુલ ક્ષેત્રફળ :-૨-૩૪–૭૨ હે.આરે.ચો.મી. (૧)હસમુખભાઈ છગનભાઈ ચાંચડના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તાના સયુંકત સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલક્તમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન–૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તે માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ



શું તમને સાંભળવાની તકલીફ છે ?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ મનસુખભાઈ ગોવિંદભાઈ ઠુમ્મર રહે રાજકોટની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા, મોજે:- ક્રાંકચના ખેડ ખાતા નં.૯૭૨ જેના રે. સર્વે નં.૩૩૯/૨ પૈકી ૨, જેનુ કુલ ક્ષેત્રફળ:-૦–૮૬–૦૦ હે.આરે.ચો.મી. (૧) દુધાત સંજયભાઈ વિરજીભાઈ, (૨) દુધાત વિપુલભાઈ વિરજીભાઈના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતી ની બીન પિયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદારઅને ધારણ કર્તાના સયુંક્ત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થા ની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૮/૨૦૨૬

અરજદાર : શ્રી વાજા બાબુભાઈ ગીગાભાઈ
સરનામુ : મું.મીતીયાળા તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મીતીયાળા
મું.મીતીયાળા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીતીયાળા** ગામના **શ્રી વાજા બાબુભાઈ ગીગાભાઈ** એ તેમના **બહેન નામે શ્રી વાજા મંગુબેન ગીગાભાઈ નો જન્મ** તા.૦૫/૧૦/૧૯૯૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૫/૦૧/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**-:: જાહેર નોટીસ ::-**

## -//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.75/2026
જન્મ તારીખ : 01/06/1974

શ્રી હાલાઈ જુબેદાબેન જુસબભાઈ,
રહે.મેમણ કોલોની રેલ્વે ક્રોસીંગ, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હાલાઈ જુબેદાબેન જુસબભાઈ, રહે.મેમણ કોલોની રેલ્વે ક્રોસીંગ, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જુસબભાઈ જુમાભાઈ હાલાઈ તથા જુબેદાબેન જુસબભાઈ હાલાઈ ના પુત્રી શબાના જુસબભાઈ હાલાઈનો જન્મ તારીખ.01/06/1974ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

## -//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.72/2026
જન્મ તારીખ : 01/06/1961

શ્રી સૈયદ નસીમબાનુ સૈયદઅલી,
રહે.મુસાનાથનો ડેલો, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સૈયદ નસીમબાનુ સૈયદઅલી, રહે.મુસાનાથનો ડેલો, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી સૈયદઅલી હુસેનઅલી સૈયદ તથા હુસેનાબીબી સૈયદઅલી સૈયદ ના પુત્રી નસીમબાનુ સૈયદઅલી સૈયદનો જન્મ તારીખ.01/06/1961ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

## -//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.66/2026
જન્મ તારીખ : 01/01/1982

શ્રી ગોંડલીયા ભક્તિરામ જદુરામ,
રહે.ગોહીલની ખાણ, ગામ-ગોહીલની ખાણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામપંચાયત ગોહીલની ખાણ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ગોંડલીયા ભક્તિરામ જદુરામ, રહે.ગોહીલની ખાણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગોંડલીયા જદુરામ નારણદાસ તથા ગોંડલીયા મણીબેન જદુરામ ના પુત્ર ગોંડલીયા ભક્તિરામ જદુરામનો જન્મ તારીખ.01/01/1982ના રોજ કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# સા.કુંડલાની કબીર ટેકરી ખાતે ભવ્ય નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

સા.કુંડલા,તા.૨૭

સાવરકુંડલાનના કબીર ટેકરી આશ્રમ ખાતે એક ભવ્ય અને નિ:શુલ્ક નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સદગુરુ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ, સાવરકુંડલા અને લાયન્સ ક્લબ ઓફ અમરેલી સીટી (સુદર્શન નેત્રાલય હોસ્પિટલ) ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં પંથકના અનેક જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો હતો.



કાર્યક્રમની શરૂઆત કબીર ટેકરીના મહંત નારણદાસ તથા ટ્રસ્ટીગણના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે સામાજિક સેવા સંસ્થા 'બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વિશાલ વ્યાસ અને માધવ વ્યાસ, તેમજ જગદીશભાઈ જેઠવા અને જિતેનભાઈ હેલૈયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા કુલ ૯૨ દર્દીઓની આંખોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૨૧ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા છે, જેમને વિનામૂલ્યે નેત્રમણી આરોપણની સેવા પૂરી પાડવામાં આવશે. આ કેમ્પ દરમિયાન સુદર્શન નેત્રાલયના અતુલભાઈ દવે, નિલેષભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા અને સમગ્ર સ્ટાફ તેમજ કબીર ટેકરીના સ્વયંસેવકોએ ખડેપગે સેવા આપી હતી.

**૨૧ દર્દીઓના વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન કરાશે**

નોંધનીય છે કે, સેવાકીય પ્રવૃત્તિનો આ યજ્ઞ છેલ્લા ૧૮ વર્ષથી દર મહિનાના ચોથા ગુરુવારે અવિરતપણે ચલાવવામાં આવે છે, જે સાવરકુંડલા અને આસપાસના વિસ્તારના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે.

# ખાંભાના ડેડાણ ગામે પોલીસ કોન્સ્ટેબલની ફરજમાં રૂકાવટ કરી જાનથી મારવાની ધમકી

ખાંભા, તા. ૨૭

ખાંભાના ડેડાણ ગામે કાયદેસરની ફરજ બજાવી રહેલા સરકારી કર્મચારી પર હુમલો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ મામલે પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ કોન્સ્ટેબલ ફારૂકભાઈ ગુલાબભાઈ પઠાણે ડેડાણ ગામના સાગરભાઈ હિંમતભાઈ મકવાણા, હિતેષભાઈ છનાભાઈ ડાભી, અમીતભાઈ રવજીભાઈ મકવાણા તથા જગદિશભાઈ ભાણાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ જ્યારે ડેડાણ ગામે પોતાની નિયત જગ્યાએ કાયદેસરની ફરજ પર હતા, ત્યારે આરોપીઓ પોતાનું મોટરસાયકલ લઈને ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ ફરિયાદીની ફરજમાં રૂકાવટ ઊભી કરી તેમની સાથે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી કરી હતી. તેમજ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને ઝપાઝપીમાં તેમના યુનિફોર્મના શર્ટનું ઉપરનું બટન તોડી નાખ્યું હતું. એટલું જ નહીં, આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેમના ડાબા હાથના અંગૂઠા પર નખ મારી ઈજા પહોંચાડી હતી.

ખાંભા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી.એમ.જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની પરિણીતાને સાસરિયાએ પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મુકી

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલાની પરિણીતાને હાલ રાજકોટમાં રહેતા અને મૂળ ચીતલના સાસરિયાએ પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મુકી હતી. પાયલબેન કિશોરભાઈ મકવાણા (ઉ.વ.૨૮)એ પતિ ધ્રુવેશભાઈ પ્રવિણભાઈ પરમાર, જ્યોતિબેન પ્રવિણભા પરમાર, પ્રવિણભા સુરસીંગભાઈ પરમાર, શુભમભાઈ પ્રવિણભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને ઘરકામ બાબતે તથા કરીયાવર બાબતે અવાર-નવાર મેણાટોણા મારી માનસિક દુઃખત્રાસ આપી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત તેમની સાથે ઝગડો કરી ઢીકા-પાટુનો માર મારી ગાળો આપી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દહેજની રકમની માંગણી કરી ઘરેથી પહેરેલ કપડે કાઢી મુકી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના ખાનપર ગામે ત્રણ વર્ષની માનસિક બીમારીથી કંટાળી પરિણીતાનો એસિડ પી આપઘાત

બાબરા, તા.૨૭

બાબરા તાલુકાના ખાનપર ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. છેલ્લા ત્રણ વર્ષથી ગંભીર માનસિક બીમારી સામે ઝઝૂમી રહેલી એક પરિણીતાએ બીમારીથી કંટાળી જઈ એસિડ ગટગટાવી લેતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સંજયભાઈ રાઘવભાઈ સરવૈયા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, મનિષાબેન અશ્વિનભાઈ સાકરીયા (ઉ.વ.૩૦) આશરે ત્રણ વર્ષથી માનસિક બીમારીથી પીડાતી હતી. અનેક સારવાર છતાં બીમારીમાં સુધારો ન આવતા તે માનસિક રીતે ભાંગી પડી હતી. આ બીમારીના કંટાળામાં તેણે અંતિમ પગલું ભરતા ઘરમાં રહેલું એસિડ પી લીધું હતું. એસિડ પીવાને કારણે પરિણીતાની હાલત ગંભીર જણાતા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં એસિડની ઝેરી અસરને કારણે ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતું.ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની તપાસ હાથ ધરી છે. પરિણીતાના આ પગલાથી તેના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે સી સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે. લાઠીના નારાયણનગર ખાતે રહેતા જગદીશભાઈ મકવાણા (ઉ.વ.૪૪)એ જાહેર કર્યા મુજબ, અનિલભાઈ રમેશભાઈ મકવાણા (ઉ.વ.૪૦) પાણીની બોટલ ભરવા જતા તબિયત બગડી જતાં પાણીના ખાડામાં મોઢું ડૂબી જતાં મરણ પામ્યા હતા.

# જિલ્લામાંથી ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો વધુ એક મુન્નાભાઈ ઝડપાયો

બાબરા, તા. ૨૭

અમરેલી જિલ્લાના બાબરા શહેરમાંથી કોઈ પણ પ્રકારની માન્ય મેડિકલ ડિગ્રી વગર ક્લિનિક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો હતો. આ બોગસ ડોક્ટર સરકારી માન્યતા પ્રાપ્ત એલોપેથીક ડિગ્રી ન હોવા છતાં ગેરકાયદેસર રીતે પ્રેક્ટિસ કરી રહ્યો હતો. જસદણના હડમતીયા ખાંડા ગામે રહેતા હેમંતભાઈ મશરૂભાઈ શેખ પાસે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરની કોઈ પણ ડિગ્રી ન હોવા છતાં ક્લિનિક ખોલીને બેઠો હતો. તે દર્દીઓ પાસેથી ફી વસૂલીને તેમનું નિદાન તેમજ એલોપેથીક સારવાર કરતો હતો. પોલીસ દરોડા દરમિયાન સ્થળ પરથી એલોપેથીક દવાઓ અને મેડિકલને લગતા સાધનો સહિત કુલ રૂા. ૨૪,૬૦૮/- ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે 'સ્વદેશી મેળા'નો ભવ્ય પ્રારંભ

સાવરકુંડલા, તા.૨૭

શહેર વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ દ્વારા શહેરી વર્ષ ૨૫-૨૬ અંતર્ગત સાવરકુંડલા નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે 'સ્વદેશી મેળા'નો પ્રારંભ થયો છે. સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી અને ચીફ ઓફિસર સાવનકુમાર રતાણી સહિતના મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી મેળાનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.



ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતા શરદભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, આ મેળો સ્થાનિક કારીગરોની કલા અને મહેનતને પ્લેટફોર્મ પૂરું પાડવાનું સશક્ત માધ્યમ છે અને 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. નગરપાલિકાના ચીફ ઓફિસર સાવનકુમાર રતાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના 'શહેરી વિકાસ વર્ષ' અંતર્ગત આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય 'લોકલ ફોર વોકલ'ને સાર્થક કરી સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવાનો છે.

આ અવસરે શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, કેશુભાઈ વાઘેલા, પ્રવીણભાઈ સાવજ, રાજુભાઈ નાગ્રેચા, મોહિતભાઈ સુદાણી અને નયનાબેન કાપડિયા તેમજ નગરપાલિકાની વિવિધ સમિતિના ચેરમેન, સભ્યો અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીએ શહેરના નાગરિકોને પરિવાર સાથે મેળાની મુલાકાત લેવા અને સ્થાનિક વસ્તુઓ ખરીદીને આ અભિયાનને વેગ આપવા અપીલ કરી છે. આ મેળાને સફળ બનાવવા નોડલ ઓફિસર તરીકે રાજુભાઈ દામોદરા તેમજ અંજનાબેન ડાભી, રૂપલબેન ગોસાઈ અને નગરપાલિકાનો સ્ટાફ કાર્યરત છે.

# ધારી તાલુકાના દહીડા ગામે સરપંચની ચૂંટણીના મનદુ:ખમાં યુવક પર હુમલો

ધારી, તા.૨૭

ધારીના દહીડા ગામે સરપંચની ચૂંટણીના મનદુખમાં યુવર પર હુમલો કરાયો હતો. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. જયરાજભાઈ ગોરખભાઈ વાળા (ઉવ.૩૫) એ અશોકભાઈ હરસુખભાઈ વાળા તથા ભરતભાઈ ગોલણભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને અશોકભાઈ વાળા સાથે અગાઉની સંરપચની ચૂંટણી બાબતથી વાંધો તકરાર હતા. જે જૂની અદાવત રાખી તેમના ભાઈ લગધિરભાઈને ગળાના ભાગે પગના ભાગે કમરનાં ભાગે લાકડી વડે માર માર્યો હતો. ઉપરાંત માર મારી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અશોકભાઈ હરસુરભાઈ વાળા (ઉ.વ.૩૫)એ લગધિરભાઈ ગોરખભાઈ વાળા તથા જયરાજભાઈ ગોરખભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેનો દિકરો યશરાજ નાનો હોય જેથી લગધિરભાઈ વાળાએ લપાટ મારી હતી. તેથી તેના માતા મનુબેન ઠપકો આપવા સમજાવવા જતા આરોપીનઓનો સારું નહોતું લાગ્યું. આરોપીઓએ તમારા હોય તેટલાને લેતા આવો હું મારવાનો છું તેમ કહી તેમને લોખંડની પાઈપ વડે ખંભા ઉપર ઘા માર્યો હતો. તેમજ તેના માતાને પગમાં પાઈપનો ઘા માર્યો હતો. તેમને માર મારી જેમ ફાવે તેમ ફરીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૨૮-૦૨-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૫,
સૂર્યાસ્ત-૦૬:૧૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૨૮-૦૨-૨૦૨૬ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# રાજુલાની એચ. બી. સંઘવી મહિલા કોલેજ અને કન્યા છાત્રાલયનો ૨૬મો વાર્ષિક મહોત્સવ ઉજવાયો

રાજુલા, તા.૨૭

રાજુલાની એચ. બી. સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ ખાતે સંસ્થાનો ૨૬મો વાર્ષિક મહોત્સવ તેમજ વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલયનો સંયુક્ત વાર્ષિક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ લોકનૃત્યો અને ભાતીગળ સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી. કાર્યક્રમમાં કોલેજના સેક્રેટરી



તસવીર : ગોપાલ રાઠોડ

બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા અને કોલેજ પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત મહુવા નગરપાલિકા પ્રમુખ ચાંદનીબેન મહેતા, ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા, વિમળાબેન ઉનાગર, જાણીતા લેખકો, કવિઓ અને શહેરના અગ્રણી અધિકારીઓ તેમજ મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવને સફળ બનાવવા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર જાગૃતિબેન તેરૈયા, ભગવતીબેન વડીયા અને કોલેજના પ્રાધ્યાપકગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજુલા-જાફરાબાદ રોડ પર પ્રેમ સંબંધની શંકા રાખી યુવક પર જીવલેણ હુમલો

રાજુલા, તા.૨૭

અમરેલી જિલ્લામાં વહેમ અને શંકાના આધારે હિંસક હુમલાની એક ગંભીર ઘટના સામે આવી હતી. જેમાં પોતાની ફુઈ સાથે પ્રેમ સંબંધ હોવાની શંકા રાખીને એક શખ્સે તેના અન્ય બે સાથીદારો સાથે મળીને એક યુવકને લોખંડના પાઈપ અને દાતરડા વડે રહેંસી નાખવાનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે રાજુલામાં રહેતા શૈલેષભાઈ નાનજીભાઈ જોગદિયા (ઉ.વ.૩૦)એ વિશાલભાઈ ગીરીશભાઈ સોલંકી તથા બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, આ કેસના મુખ્ય આરોપી વિશાલ સોલંકીને એવી શંકા હતી કે તેમને તેની ફુઈ સાથે પ્રેમ સંબંધ છે. આ શંકાનો ખાર રાખીને વિશાલ સોલંકી અને અન્ય બે અજાણ્યા શખ્સોએ ફરિયાદી પર હુમલો કર્યો હતો. આરોપી વિશાલ સોલંકીએ લોખંડના પાઈપ વડે ફરિયાદીના માથાના ભાગે બે-ત્રણ ઘા ઝીંક્યા હતા, તેમજ હાથ અને પગના ભાગે આડેધડ ફટકા માર્યા હતા.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૪/૨૬ તા.૨૭/૦૧/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી રસીદાબેન કાસમભાઈ સેતા**
**મુ.સેતાપાટી, મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી,**
**મો.૯૯૨૫૪૨૫૩૨૨**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી સાબીર એસ. અમીર ચાવંડ ગેટ,**
**ગુરૂકૃપા કોમ્પ્લેક્ષ, લાઠી, તા.લાઠી જી.અમરેલી મો.૯૮૯૮૪૧૪૭૪૨**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફિસરશ્રી
નગરપાલિકા મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો રસીદાબેન કાસમભાઈ સેતાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૯ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૧/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## //એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૫/૨૦૨૬

અરજદાર :- શ્રી રાજુબેન કરશનભાઈ ધાધલ
રહે.સુળીયો ટીંબો, કુંકાવાવ રોડ, અમરેલી, તા./જી.અમરેલી
એડવોકેટ હરિલાલ આર. પરમાર

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં રાજુબેન કરશનભાઈ ધાધલ તેમની પુત્રીશ્રી રાધિકા કરશનભાઈ ધાધલનો જન્મ (તા.૦૬/૧૦/૨૦૦૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(કે.કે.દવે)**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

## મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૭૩/૨૬ તા.૨૫/૦૨/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી ધીરૂભાઈ પોપટભાઈ સોલંકી**
**મુ.ત્રંબોડા તા. બાબરા, જિ.અમરેલી. ૯૧૦૬૬૭૦૪૭૨**
વકીલશ્રી નીલેશ પી. વસાણી - એડવોકેટ

**- //વિરૂધ્ધ// -**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી -વ- ત.ક.મ.શ્રી, ત્રંબોડા
ત્રંબોડા ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ત્રંબોડા ગામના રહીશ આ કામના અરજદારશ્રી ના પત્ની લીલાબેન ધીરૂભાઈ સોલંકી નું મરણ તા.૧૫/૦૭/૨૦૧૩ ના રોજ મોજે: ત્રંબોડા તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૯/૦૨/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

**તંત્રી લેખ**

# સમુદ્રની સુરક્ષા કરશે આઈ એન એસ અંજદીપ

ભારતીય નૌકાદળ માટે આજનો દિવસ ગૌરવપૂર્ણ છે. દેશને સ્વદેશી ટેક્નોલોજીથી બનેલું આધુનિક યુદ્ધજહાજ INS અંજદીપ મળ્યું છે, જેને ''સબમરીન કિલર'' તરીકે ઓળખવામાં આવે છે. દુશ્મન દેશોની વધતી સબમરીન પ્રવૃત્તિઓને ધ્યાનમાં લેતા આ જહાજ ભારતની દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવશે. ખાસ કરીને દરિયાકાંઠા અને છીછરા પાણીમાં છુપાયેલી સબમરીન શોધી કાઢવાની તેની ક્ષમતા તેને અત્યંત મહત્વપૂર્ણ બનાવે છે. INS અંજદીપ ''એન્ટી સબમરીન વોરફેર શેલો વોટરક્રાફ્ટ'' પ્રોજેક્ટનો ભાગ છે. આ પ્રોજેક્ટ હેઠળ ભારતીય નૌકાદળને એવા વિશેષ જહાજો આપવામાં આવી રહ્યા છે, જે દરિયાકાંઠાના વિસ્તારોમાં સબમરીન ખતરો ઘટાડવા માટે રચાયા છે. આજના સમયમાં પરંપરાગત યુદ્ધ કરતાં દરિયાઈ સીમાઓની સુરક્ષા વધુ જટિલ બની ગઈ છે. સબમરીન પાણીની નીચે રહેતી હોવાથી તેને શોધવી મુશ્કેલ બને છે. આવા સમયે INS અંજદીપ જેવી ટેક્નોલોજીથી સજ્જ નૌકા દેશ માટે રક્ષણકવચ સમાન છે. આ યુદ્ધજહાજનું નિર્માણ જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ કરવામાં આવ્યું છે. કોલકાતાની જાણીતી શિપબિલ્ડિંગ કંપની ** ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ & એન્જિનિયર્સ** અને ** લાર્સન & ટુબ્રો** એ મળીને આ જહાજ તૈયાર કર્યું છે. આ સહકાર ''મેક ઈન ઈન્ડિયા'' પહેલને વધુ મજબૂતી આપે છે અને રક્ષા ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફનું મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. INS અંજદીપને ''ડોલ્ફિન હન્ટર'' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેની મહત્તમ ઝડપ ૨૫ નોટ છે, જે યુદ્ધ પરિસ્થિતિમાં ઝડપી પ્રતિસાદ આપવા માટે પૂરતી છે. આશરે ૯૦૦ ટન વજન ધરાવતું આ જહાજ મજબૂત માળખું ધરાવે છે અને છીછરા પાણીમાં સરળતાથી ગતિ કરી શકે છે. તેની લંબાઈ ૭૭.૬ મીટર, પહોળાઈ ૧૦.૫ મીટર અને ડ્રાફ્ટ ૨.૭ મીટર છે, જેથી ઓછા ઊંડાણમાં પણ તે કાર્યક્ષમ રહે છે. અંજદીપમાં ત્રણ ડીઝલ એન્જિન અને ત્રણ વોટર જેટ પ્રોપલ્શન સિસ્ટમ લગાવવામાં આવી છે. વોટર જેટ સિસ્ટમ જહાજને વધુ ચપળ બનાવે છે અને છીછરા પાણીમાં વધુ નિયંત્રણ આપે છે. ૧૪ નોટની ગતિએ ૧,૮૦૦ નોટિકલ માઈલ સુધીની તેની રેન્જ લાંબા સમય સુધી પેટ્રોલિંગ માટે અનુકૂળ છે. શસ્ત્રસજ્જતાની દ્રષ્ટિએ, INS અંજદીપ હળવા વજનના ટોર્પિડો, સ્વદેશી એન્ટી-સબમરીન રોકેટ અને ૩૦ મીમી નૌકાદળની ગનથી સજ્જ છે. આ શસ્ત્રો તેને પાણીની નીચે તથા સપાટી પરના બંને પ્રકારના ખતરાઓ સામે લડવા સક્ષમ બનાવે છે. ટોર્પિડો સબમરીનને નિશાન બનાવી શકે છે, જ્યારે રોકેટ અને ગન સપાટી પરના હુમલાઓ સામે અસરકારક રક્ષણ આપે છે. સેન્સર સિસ્ટમ તેની વિશેષ તાકાત છે. તેમાં હલ-માઉન્ટેડ સોનાર ''અભય'' સ્થાપિત કરવામાં આવ્યો છે, જે ખાસ કરીને છીછરા પાણીમાં સબમરીન શોધવા માટે રચાયો છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં અવાજના તરંગો અસમાન રીતે ફેલાતા હોવાથી સબમરીન શોધવી મુશ્કેલ બને છે, પરંતુ ''અભય'' સોનાર ચોક્કસ માહિતી પ્રદાન કરે છે. INS અંજદીપ કોસ્ટલ સર્વેલન્સ, લો-ઈન્ટેન્સિટી મેરિટાઈમ ઓપરેશન્સ અને સર્ચ એન્ડ રેસ્ક્યુ કામગીરી માટે પણ ઉપયોગી છે. આ જહાજમાં કુલ ૫૭ કર્મચારીઓ સેવા આપશે, જેમાં ૭ અધિકારીઓનો સમાવેશ થાય છે. આધુનિક ટેક્નોલોજી અને ઓટોમેશનના કારણે ઓછી સંખ્યામાં સ્ટાફ હોવા છતાં વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે. ભારત માટે દરિયાઈ સુરક્ષા અત્યંત મહત્વપૂર્ણ છે. વિશાળ દરિયાકાંઠો અને સમુદ્રી વેપાર પરની નિર્ભરતા ધ્યાનમાં લેતા નૌકાદળને સશક્ત બનાવવું સમયની માંગ છે.

# હોળી-ધુળેટીનો ઉમંગ એટલે રંગોમાં ઝળહળતી ભારતીય સંસ્કૃતિ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હોળીનો સંબંધ મુખ્યત્વે પ્રહલાદ અને હોલિકાની કથાથી જોડાયેલો છે. પુરાણકથાઓ અનુસાર દાનવ રાજા હિરણ્યકશિપુએ પોતાના પુત્ર પ્રહલાદને ભગવાન વિષ્ણુની ભક્તિ છોડાવવા ઘણાં પ્રયત્નો કર્યા. અંતે હોલિકાએ અગ્નિમાં બેસીને પ્રહલાદને સળગાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ભગવાનની કૃપાથી પ્રહલાદ બચી ગયો અને હોલિકા દહન થઈ ગઈ. આ ઘટના સારા પર ખરાબના વિજયનું પ્રતિક બની. તેથી હોળીની પૂર્વસંધ્યાએ 'હોલિકા દહન' કરવામાં આવે છે. હોળી સામાજિક સમરસતા અને ભાઈચારો વધારવાનો તહેવાર છે. આ દિવસે લોકો જાતિ, ધર્મ અને વર્ગના ભેદ ભૂલીને એકબીજાને રંગ લગાવે છે અને શુભેચ્છાઓ આપે છે. ''બુરા ના માનો, હોળી હૈ'' જેવી લોકપ્રિય ભાવના લોકો વચ્ચે હળવાશ અને માફીનો સંદેશ આપે છે. જૂના મતભેદો ભૂલીને નવી શરૂઆત કરવાનો આ સારો અવસર છે.

સાંસ્કૃતિક રીતે હોળી સંગીત, નૃત્ય અને લોકપરંપરાઓ સાથે જોડાયેલી છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં મથુરા અને વૃંદાવનમાં હોળી વિશેષ ધૂમધામથી ઉજવાય છે, કારણ કે આ સ્થાન ભગવાન શ્રીકૃષ્ણના જીવન સાથે સંકળાયેલા છે. કૃષ્ણ અને રાધાના રંગરાસની કથાઓ હોળીના ઉત્સવને વધુ રોમાંચક બનાવે છે. ગુજરાતમાં પણ ગ્રામ્ય વિસ્તારોમાં ઢોલ-નગારા અને લોકગીતો સાથે હોળી ઉજવવાની પરંપરા છે. હોળી ખેતીપ્રધાન સમાજ માટે પણ મહત્વપૂર્ણ છે. વસંતઋતુમાં પાક તૈયાર થવાની ખુશી તરીકે ખેડૂત સમાજ આ તહેવારને ઉજવે છે. આ રીતે હોળી પ્રકૃતિ અને માનવ જીવન વચ્ચેના ગાઢ સંબંધને ઉજાગર કરે છે. આધુનિક સમયમાં હોળીનો સ્વરૂપ થોડું બદલાયું છે, પરંતુ તેનો મૂળ સંદેશ આજે પણ અડગ છે પ્રેમ, એકતા અને સકારાત્મકતા. જો આપણે પર્યાવરણમિત્ર રંગોનો ઉપયોગ કરીએ અને પાણીનો વ્યર્થ વપરાશ ટાળીએ, તો હોળી વધુ અર્થપૂર્ણ બની શકે. અંતમાં કહી શકાય કે હોળી માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ તે ભારતીય સંસ્કૃતિની જીવંતતા, સહિષ્ણુતા અને આનંદમય જીવનશૈલીનું પ્રતિબિંબ છે. હોળીનો તહેવાર ભારત ઉપરાંત, અનેક દેશોમાં હોળી રમાય છે, બાંગ્લાદેશમાં, હોળીને ડોલ પૂર્ણિમા અથવા વસંત ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. અહીંના હિન્દુઓ આ તહેવાર ઉજવે છે

હોળી એટલે રંગોનો તહેવાર, હોળી, હવે નજીક આવી રહી છે. છે. તે હિન્દુ પરંપરામાં સૌથી વધુ ઉજવાતા તહેવારોમાંનો એક છે. તે ફાગણ સુદ પૂર્ણિમાની રાત્રે હોળી દહનથી શરૂ થાય છે અને ત્યારબાદ રંગો, સંગીત અને ઉજવણીઓ થાય છે. ચાલો જાણીએ કે ભારતની બહાર કયા



દેશો હોળી ઉજવે છે.

નેપાળમાં, હોળી ફાગુ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. ભારત પછી હોળીને દેશમાં સૌથી મોટા તહેવારોમાંનો એક માનવામાં આવે છે. આ ઉજવણી બે દિવસ સુધી ચાલે છે: પહેલો દિવસ પર્વતીય વિસ્તારોમાં અને બીજો દિવસ મેદાની વિસ્તારોમાં આ તહેવાર ઉજવાય છે. બાંગ્લાદેશમાં, હોળીને ડોલ પૂર્ણિમા અથવા વસંત ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. અહીંના હિન્દુઓ આ તહેવાર ઉજવે છે. તેવી જ રીતે, પાકિસ્તાનમાં, સિંધ પ્રાંતમાં હિન્દુઓ પરંપરાગત ધાર્મિક વિધિઓ અને મંદિર વિધિઓ કરે છે. સાથે મળીને હોળી ઉજવણી કરે છે લઘુમતી સમુદાય હોવા છતાં, ઉત્સવની ભાવના મજબૂત રહે છે. જોકે બાંગ્લાદેશમાં કટરવાદીઓ મોટી મુશ્કેલી રૂપ છે કોઈ પણ હિન્દુના તહેવાર ઉજવવા સામે તે લોકો હિંસક વિરોધ કરે છે. ભારત પાકિસ્તાનના સંબંધ બગડ્યા પછી સમુદાય તરીકે હિન્દુઓ છે અને તે હોળી ઉજવે તેની સામે ત્યાંના સ્થાનિક કટ્ટરવાદીઓને સખત વાંધો છે ભારતીય મૂળના મોટાભાગના લોકો મોરેશિયસમાં રહે છે. અહીં હોળીની જાહેર રજા છે. આખા ટાપુ પર અગ્નિ પ્રગટાવવામાં આવે છે અને પરંપરાગત ફાગ ગીતો ગવાય છે. ફીજીમાં, આ તહેવારને પાગુઆ તરીકે ઓળખવામાં આવે છે. ગયાના, સુરીનામ અને ત્રિનિદાદ અને ટોબેગોમાં, હોળીને ફાગવાહ તરીકે ઓળખવામાં આવે છે. આ ઉજવણીમાં પરંપરાગત ચૌતાલ ગીતો ગાવા અને હોલીકા દહનની વિધિનો સમાવેશ થાય છે. સ્પેનિશ ફોર્ક, ઉટાહમાં હરેકૃષ્ણ, યુનાઈટેડ સ્ટેટ્સમાં હોળીના સૌથી મોટા ઉત્સવોમાંનો એક મંદિરમાં થાય છે.


ન્યૂયોર્ક જેવા મોટા શહેરોમાં પણ, વિશાળ રંગરેસ અને પરેડનું આયોજન કરવામાં આવે છે. યુનાઈટેડ કિંગડમમાં, ભારતીય સંગીત, નૃત્ય અને રંગબેરંગી રંગો દર્શાવતા મોટા હોળી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાં, ખાસ કરીને સિડની, મેલબોર્ન, ડર્બન અને જોહાનિસબર્ગ જેવા શહેરોમાં હોળી ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે.આગામી ૩ માર્ચના રોજ થનારા ચંદ્રગ્રહણને કારણે હોળી-ધૂળેટીના તહેવારોની ઉજવણીને લઈને લોકોમાં મત મતાંતર છે. ગુજરાત રાજ્ય સહિત દેશભરમાં આ વર્ષે હોળી અને ધૂળેટીના પર્વની ઉજવણીને લઈને ભારે ઉત્સાહ છે, પરંતુ ખગોળીય ઘટના અને પંચાંગના ગ્રહોની ચાલને કારણે ઉજવણીના દિવસોમાં મડાગાંઠ સર્જાઈ છે. આગામી ૩ માર્ચના રોજ થનારા ચંદ્રગ્રહણને કારણે આ વખતે હોળી અને ધૂળેટી વચ્ચે એક દિવસનો 'ધોકો' (ખાલી દિવસ) રહે છે. પંચાંગ અનુસાર, ફાગણ સુદ પૂનમની તિથિ ૨ માર્ચે સાંજે ૦૫.૫૫ કલાકે શરુ થાય છે અને ૩ માર્ચે સાંજે ૦૫.૦૬ કલાકે પૂર્ણ થાય છે. શાસ્ત્રોક્ત દષ્ટિએ હોળી પ્રગટાવવા માટે ૨ માર્ચ, સોમવારના રોજ પૂનમની તિથિમાં પ્રદોષ કાળ મળતો હોવાથી જામનગરની વિરાટ હોળી સહિત મોટાભાગની હોળીઓ આ દિવસે સાંજે પ્રગટાવવામાં આવશે.

બીજી તરફ ચંદ્રગ્રહણ ૩ માર્ચે ચંદ્રગ્રહણ હોવાથી બપોરે ૧૨.૦૦ વાગ્યાથી તેનો વેધ શરુ થશે. ધાર્મિક માન્યતા મુજબ વેધકાળમાં શુભ કાર્યો કે રંગોત્સવ વર્જિત માનવામાં આવે છે. જેના કારણે ધૂળેટી પણ એક દિવસ બાદ શરુ થશે. ગ્રહણના મોક્ષ બાદ એટલે કે ૪ માર્ચ, બુધવારના રોજ ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવશે. મંદિરોમાં ફૂલડોલ ઉત્સવ અને દર્શનના સમયમાં ફેરફાર દ્વારકાધીશ જગતમંદિર સહિતના મોટા મંદિરોમાં ગ્રહણના નિયમોનું ચુસ્ત પાલન કરવામાં આવશે. ૩ માર્ચે પૂનમના દિવસે પરંપરાગત ફૂલડોલ ઉત્સવ ઉજવાશે, પરંતુ ગ્રહણને કારણે બપોરે ૧૨ વાગ્યાથી દર્શન બંધ રહેશે. ગ્રહણ પૂર્ણ થયા બાદ સાંજે શુદ્ધિ અને ઉત્થાપન વિધિ બાદ જ ભક્તો દર્શન કરી શકશે.

સામાન્ય રીતે હોળી પ્રગટાવ્યાના બીજા દિવસે જ લોકો ધૂળેટી રમતા હોય છે. વર્ષો જૂની આ પરંપરાને કારણે જામનગરમાં એક પક્ષ એવું પણ માને છે કે, જો ૨ તારીખે હોળી પ્રગટે તો ૩ તારીખે જ ધૂળેટી ઉજવવી જોઈએ. જોકે, ૩ તારીખે મંગળવાર અને ગ્રહણનો સંયોગ હોવાથી ધર્મપ્રેમી જનતામાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. શાક માર્કેટ વિસ્તારની ભોઈ સમાજની ઐતિહાસિક હોળી ૨ માર્ચે પ્રગટાવવાનું નક્કી થતાં હવે શહેરના અન્ય વિસ્તારો પણ તે જ રાહ પર ચાલે તેવી શક્યતા છે. આમ, ૨ માર્ચે હોળી, ૩ માર્ચે પડતર દિવસ (ગ્રહણ) અને ૪ માર્ચે રંગોત્સવ - એમ ત્રણ દિવસ સુધી હોળીનો માહોલ છવાયેલો રહેશે.

**હોળી ભારતનો એક પ્રાચીન અને લોકપ્રિય તહેવાર છે, જે રંગો, આનંદ અને એકતાનું પ્રતિક માનવામાં આવે છે. આ તહેવાર ફાગણ મહિનાની પૂર્ણિમાએ ઉજવવામાં આવે છે અને તે વસંતઋતુના આગમનની ખુશી દર્શાવે છે. હોળી માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ તેની પાછળ ઊંડો ધાર્મિક અને સાંસ્કૃતિક અર્થ છુપાયેલો છે.**

## શબ્દ સંજોગ-૨૧૫૫



**આડી ચાવી :**
(૧) લખાણની રીત, ઈબારત (૨)
(૨) પર્વત,પહાડ (૨)
(૩) સ્ત્રીઓના નાકનું એક ઘરેણું (૩)
(૫) દશા,હાલત (૨)
(૬) એક રાજસ્થાની વાનગી (૨)
(૭) વહેણ,પ્રવાહ (૨)
(૯) રામને એઠા બોર ખવડાનાર (૩)
(૧૧) હકક,માલિકી (૨)
(૧૨) ધકકો,આઘાત (૨)
(૧૩) મનોભાવ,અંતરની ઉમેદ (૨)
(૧૪) રમત,ક્રીડા (૨)
(૧૫) ગુસ્સો,પ્રબળતા (૩)
(૧૭) મોતના જેવું દુઃખ (૨)
(૧૯) હવન,હોમ (૨)
(૨૦) સારોભાવ (અ) (૨)
(૨૨) હલકો આઘાત,ટકોરી (૩)
(૨૫) મરડવું તે (૩)
(૨૭) અપેક્ષાવાળું (૩)
(૨૯) ગુજરાતની સંસ્કારી નગરી (૪)
(૩૦) યુવતીના પર્સમાં આતો હોય જ (૪)

**ઉભી ચાવી :**
(૧) બાળપણ (૩)
(૨) હિમાલય (૩)
(૩) સગાઈ પ્રસંગે પહેરાવાતુ ઘરેણું (૨)
(૪) કઠોળનો લીલો દાણો (૩)
(૬) દરેક ઘરને હોય (૨)
(૮) આજકાલ લોકોને અહીંનું ખાવાનું વધારે ભાવતુ હોય છે. (૩)
(૧૦) દંડૂકો,દાંડિયો (૩)
(૧૧) એક ફળ (૩)
(૧૪) એક તાલ (૩)
(૧૫) ઊંડું જ્ઞાન ધરાવનાર (૨)
(૧૬) પરાયું,અન્ય (૨)
(૧૮) રોકાવું તે (૩)
(૧૯) વર્ષ,વરસ (૨)
(૨૧) એક ખડધાન્ય (૨)
(૨૩) કદ,કાદવ (૩)
(૨૪) ..... કરાવે વેઠ (અ) (૨)
(૨૬) ગૂંમડાની આજુબાજુનો સૂઝેલો ભાગ (૩)
(૨૭) એક ટીવી અભિનેત્રીઃ .....ખાન (૨)

## શબ્દ સંજોગ-૨૧૫૪ જવાબ

**આડી ચાવીઃ** (૧) વૈકુંઠ (૩) આલેખ (૬) ભવ (૭) ક્ષુધા (૮) નીપજ (૯) વરદ (૧૧) રમૂજ (૧૨) મર્ત્ય (૧૪) ફાગણ (૧૭) વદન (૧૯) નગ (૨૦) મણ (૨૧) સનદ (૨૩) મકર (૨૫) ખગ (૨૬) મા (૨૭) સવાલ (૨૮) વે (૨૯) પણછ.
**ઉભી ચાવીઃ** (૧) વૈભવ (૨) કુંવર (૩) આધાર (૪) ખનીજ (૫) અજર (૧૦) દમણ (૧૩) સુદ (૧૪) ફાનસ (૧૫) ગગન (૧૬) તણખો (૧૭) વહેમ (૧૮) નહેર (૨૨) દખલ (૨૪)

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૨૫ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૪૨ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૧૦૦ |
| બાજરી | ૨૫૦ | ૩૨૫ |
| મકાઇ | ૨૭૦ | ૩૭૦ |
| તુવેર | ૧૨૯૦ | ૧૫૭૦ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૭૫ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૬૧ |
| મગ | ૯૬૦ | ૧૫૭૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૦૨૦ |
| ચોળી | ૮૦૦ | ૧૧૬૦ |
| મઠ | ૯૫૦ | ૧૨૦૦ |
| વટાણા | ૭૫૦ | ૧૨૦૦ |
| રાજમા | ૧૧૫૦ | ૧૭૫૬ |
| મગફળી જાડી | ૧૧૯૦ | ૧૪૬૮ |
| મગફળી જીણી | ૧૨૨૦ | ૧૪૫૨ |
| તલી | ૧૪૦૦ | ૧૯૦૫ |
| એરંડા | ૧૨૧૭ | ૧૨૬૮ |
| અજમો | ૧૫૦૦ | ૨૬૬૦ |
| સોયાબીન | ૯૫૧ | ૯૯૦ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૫૯૮ |
| કાળા તલ | ૨૪૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૯૦૦ | ૧૫૯૦ |
| ધાણા | ૧૪૭૦ | ૨૦૯૦ |
| મરચા સુકા | ૩૨૧૧ | ૫૬૦૦ |
| ધાણી | ૧૫૬૦ | ૨૩૮૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૩૭૧ |
| રાય | ૧૧૪૦ | ૧૩૮૦ |
| મેથી | ૯૩૦ | ૧૪૦૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૦૫૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૭૦૨૫ | ૭૦૨૫ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૫૨ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૭૮૨ | ૧૬૨૭ |
| પપૈયા | ૯૮ | ૧૯૪ |
| બટેટા | ૯૩ | ૨૦૬ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૪૩ |
| ટમેટા | ૮૪ | ૧૬૬ |
| સુરણ | ૬૯૪ | ૮૫૭ |
| કોથમરી | ૧૫૩ | ૨૧૧ |
| સકરીયા | ૬૧૩ | ૬૯૪ |
| મુળા | ૨૦૨ | ૩૧૪ |
| રીંગણા | ૧૨૬ | ૩૩૬ |
| કોબીજ | ૫૮ | ૯૨ |
| ફલાવર | ૧૮૪ | ૨૯૪ |
| ભીંડો | ૬૦૭ | ૧૦૧૬ |
| ગુવાર | ૧૧૮૭ | ૧૫૧૯ |
| ચોળાસીંગ | ૫૦૫ | ૧૦૧૩ |
| વાલોળ | ૨૪૭ | ૬૦૨ |
| ટીંડોળા | ૪૦૮ | ૮૧૬ |
| દુધી | ૬૪ | ૯૮ |
| કારેલા | ૬૮૨ | ૧૦૧૦ |
| સરગવો | ૮૦૨ | ૧૨૧૬ |
| તુરીયા | ૭૨૧ | ૧૦૧૧ |
| પરવર | ૧૦૧૯ | ૧૬૨૭ |
| કાકડી | ૩૧૩ | ૪૨૧ |
| ગાજર | ૧૯૮ | ૪૦૬ |
| વટાણા | ૩૮૯ | ૫૨૧ |
| તુવેરસીંગ | ૫૦૯ | ૭૨૪ |
| ગલકા | ૫૧૪ | ૭૧૩ |
| બીટ | ૬૧ | ૧૦૯ |
| મેથી | ૨૦૬ | ૨૬૪ |
| વાલ | ૮૧૫ | ૧૦૧૯ |
| ડુંગળી લીલી | ૨૧૯ | ૩૨૩ |
| આદુ | ૯૮૨ | ૧૧૨૪ |
| ચણા લીલા | ૯૬ | ૨૩૨ |
| મરચા લીલા | ૩૮૪ | ૬૦૬ |
| હળદર લીલી | ૨૯૯ | ૫૦૫ |
| લસણ લીલું | ૫૧૩ | ૮૨૧ |
| મકાઇ લીલી | ૨૦૧ | ૩૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૩૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૫૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૬૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૩૩૧ |
| ધાણા | ૧૧૦૧ | ૨૩૨૬ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૮૭૦૧ |
| લસણ સુકું | ૫૯૧ | ૧૨૩૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૩૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૪૧ |
| મઠ | ૪૮૧ | ૪૮૧ |
| તુવેર | ૧૧૭૬ | ૧૫૯૧ |
| રાયડો | ૮૫૧ | ૧૧૧૧ |
| રાય | ૧૨૪૧ | ૧૪૦૧ |
| મેથી | ૪૫૧ | ૧૩૦૧ |
| કાંગ | ૨૪૧ | ૫૫૧ |
| મરચા | ૧૭૦૧ | ૭૧૦૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૫૫૬ |
| નવું લસણ | ૬૪૧ | ૧૨૯૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૮૮૧ |
| મગફળી ૬૬ | ૧૨૭૬ | ૧૫૦૬ |
| તલ - તલી | ૧૨૫૧ | ૨૨૨૧ |
| ધાણી | ૧૨૦૧ | ૩૫૦૧ |
| ડુંગળી સફેદ | ૨૦૬ | ૨૪૬ |
| જુવાર | ૫૭૧ | ૧૧૬૧ |
| મકાઇ | ૧૯૧ | ૩૬૧ |
| મગ | ૪૭૬ | ૧૯૯૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૫૧ |
| વાલ | ૬૦૧ | ૧૩૧૧ |
| વાલ પાપડી | ૧૮૭૬ | ૧૮૭૬ |
| ચોળા / ચોળી | ૬૧૧ | ૬૧૧ |
| સોયાબીન | ૮૦૧ | ૯૯૬ |
| ગોગળી | ૬૦૪ | ૧૧૫૧ |
| વટાણા | ૩૨૬ | ૮૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૨૨૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૬૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૮૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૮૦ | ૫૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૮૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૮૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૮૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૩ |
| કોથમીર પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ચુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| alavipan | ૧૦ | ૨૦ |
| nariyel | ૬૦૦ | ૭૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૨૫ | ૫૦ |
| ચોરા | ૧૮૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૪૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨ | ૪ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ ગીરનાર | ૧૩૨૦ | ૧૩૬૫ |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૫૬૦ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| જુવાર | ૫૪૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૬૪૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૦ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૦૧૫ |
| તુવેર | ૮૫૦ | ૧૪૮૦ |
| કપાસ | ૧૦૭૫ | ૧૬૧૫ |
| એરંડા | ૧૧૬૫ | ૧૨૭૦ |
| જીરૂ | ૨૫૧૦ | ૪૧૪૦ |
| રાયડો | ૧૦૧૫ | ૧૦૮૦ |
| રાય | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ધાણા | ૧૭૩૦ | ૨૩૧૦ |
| ધાણી | ૧૫૦૦ | ૩૩૬૦ |
| અજમા | ૧૩૦૦ | ૨૧૭૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૯૩૦ | ૯૮૦ |
| મરચા લાંબા | ૧૩૯૦ | ૬૩૦૦ |
| કાંગ | ૪૪૦ | ૫૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૮૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૫૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટા | ૧૦૦ | ૨૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૩૦ |
| ગાજર | ૨૦૦ | ૨૯૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૬૮૦ |
| ગલકા | ૪૧૦ | ૫૫૦ |
| મૂળા | ૧૪૦ | ૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૨૫૦ |
| વટાણા | ૫૦૦ | ૫૬૦ |
| ચોળા લીલા | ૭૩૦ | ૮૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૪૫૦ |
| વાલ | ૬૦૦ | ૬૫૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૨૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૨૦ |
| કોથમીર | ૧૨૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૨૫૦ |
| ફોદીનો | ૬૩૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૧૮૦ | ૨૨૦ |
| સરગવો | ૫૦૦ | ૬૧૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૪૫૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૧૦૨૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૮૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૬૫૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૨૦૦ | ૨૮૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૫૨ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૮૨ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૦૩૨ |
| તલ કાળા | ૩૦૩૫ | ૩૫૩૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૨૨૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૭૨ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૦ |
| બાજરો | ૩૦૦ | ૬૫૦ |
| જુવાર | ૮૦૦ | ૧૧૯૦ |
| ચણા | ૧૦૦૮ | ૧૦૫૪ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૩૦ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૨૪ |
| મેથી | ૮૫૦ | ૧૦૯૦ |
| રાય/રાયડો | ૮૫૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૩૦૦ | ૨૫૧૦ |
| સોયાબીન | ૭૫૦ | ૯૫૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૩૫ | ૧૪૦૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૦૫ |
| ઘઉં | ૪૪૫ | ૪૭૧ |
| ચણા | ૯૮૫ | ૧૦૦૦ |
| તુવેર સફેદ | ૧૦૮૦ | ૧૫૧૫ |
| તુવેર લાલ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૧૧૦ | ૧૭૧૦ |
| રાઈ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| શિંગદાણા | ૧૩૭૫ | ૧૪૫૦ |
| એરંડા | ૧૨૧૫ | ૧૨૧૫ |
| સોયાબીન | ૬૦૦ | ૯૨૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૫ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૫૪ |
| ઘઉં ટુકડા | ૪૩૯ | ૫૨૬ |
| ચણા | ૯૨૨ | ૧૦૨૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૨૧૦ |
| ધાણી | ૧૫૦૦ | ૧૭૯૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૮૦ |
| મગફળી | ૧૦૯૫ | ૧૨૬૦ |
| તુવેર | ૧૦૯૫ | ૧૪૧૦ |
| એરંડી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૫૮૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| અડદ | ૮૧૦ | ૮૧૦ |
| લસણ | ૪૫૫ | ૪૫૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૧૦ |
| કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૬૦ |
| મગફળી | ૧૨૨૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૧૪૦ | ૪૩૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ધાણા | ૧૪૬૦ | ૨૨૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૮૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૭૪ |
| ચણા | ૯૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૨૧ |
| મગફળી | ૯૦૧ | ૧૨૭૬ |
| શીંગ ફાડા | ૧૩૦૧ | ૧૩૭૬ |
| ધાણા | ૧૨૦૧ | ૨૦૫૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૪૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૧૯૧ | ૧૩૪૮ |
| શીંગ ૩૯ | ૯૫૫ | ૧૩૧૨ |
| શીંગ જી-૨૦ | ૧૨૫૦ | ૧૪૯૯ |
| જુવાર | ૬૦૦ | ૯૬૯ |
| બાજરી | ૩૧૧ | ૬૩૭ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૩૭ |
| મકાઇ | ૩૫૨ | ૩૫૨ |
| અડદ | ૪૦૦ | ૧૫૩૫ |
| મગ | ૪૯૯ | ૧૬૦૦ |
| સોયાબીન | ૯૫૮ | ૧૦૧૦ |
| ચણા | ૯૪૦ | ૧૦૩૪ |
| તલ સફેદ | ૮૦૧ | ૧૯૦૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૨૧૯૯ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૬૭ |
| જીરૂ | ૪૧૯૦ | ૪૧૯૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૨૫૨ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૮૧ |
| ડુંગળી સફેદએકસ | ૨૮૧ | ૪૧૨ |
| કપાસ શંકર | ૮૪૮ | ૧૫૨૦ |
| નાળીયેર | ૫૦૪ | ૨૩૩૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૩૪૩ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૮૭ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૧ |
| રાય | ૧૦૦૦ | ૧૨૧૦ |
| રાયડો | ૮૫૦ | ૧૦૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૩૬ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૫૬ |
| જુવાર | ૬૫૦ | ૧૦૫૨ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૫૬ |
| મગ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૪ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૦૯ |
| ધાણા | ૧૨૦૦ | ૧૯૧૬ |
| કાંગ | ૪૨૫ | ૫૭૪ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૫૬૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૫૨ |
| ચણા | ૧૦૨૪ | ૧૦૩૦ |
| તુવેર | ૧૨૮૧ | ૧૪૧૧ |
| બાજરો | ૪૨૬ | ૫૭૫ |
| ઘઉં | ૪૬૧ | ૪૬૧ |
| **જામનગર** | | |
| ઘઉં | ૪૦૦ | ૫૦૪ |
| અડદ | ૧૩૨૫ | ૧૫૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૪૦ |
| ચોળી | ૧૦૦ | ૩૩૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૬૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ચણાસફેદ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૪૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૪૫૦ |
| તલ | ૧૮૨૫ | ૧૯૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૬૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૪૦ |
| લસણ | ૧૦૦૦ | ૧૩૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૨૫ |
| અજમો | ૧૬૪૦ | ૪૯૦૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૭૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૯૮૦ |
| ધાણી | ૧૯૦૦ | ૨૨૦૦ |
| મરચા | ૧૩૦૦ | ૬૪૦૦ |
| ડુંગળી | ૫૦ | ૨૮૫ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૪૩ |
| કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૩૨૫ | ૧૩૨૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| બાજરો | ૩૩૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૪૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૮૪ |
| મગ | ૧૪૦૦ | ૨૩૨૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૫૩ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૬ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| એરંડી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ધાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૭૧૧ | ૯૬૫ |
| રાય | ૧૧૨૫ | ૧૧૨૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરતના હજીરામાં હિંસા બાદ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

સુરત,તા.૨૭

સુરતના હજીરા વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત કંપનીઓ AM/NS (આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ) અને L&Tમાં કોન્ટ્રેક્ટ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા ઉગ્ર વિરોધ અને તોડફોડ બાદ સમગ્ર વિસ્તારમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ગુરુવારે શરૂ થયેલી હિંસાના પગલે શુક્રવારે વહેલી સવારથી જ હજીરાનો આખો પટ્ટો પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે. રાજ્યના અર્થતંત્રમાં મોટું પ્રદાન આપતા આ ઔદ્યોગિક ઝોનમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવી પોલીસ માટે મોટો પડકાર બની ગઈ છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લેતા સુરતમાં આયોજિત પોલીસ અધિકારીઓની મહત્વની કોન્ફરન્સ પણ રદ કરવાની ફરજ પડી છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આ હિંસા પાછળ સોશિયલ મીડિયાનો દુરુપયોગ મુખ્ય કારણ રહ્યો છે. હરિયાણાના પાણીપતમાં થયેલા શ્રમિક આંદોલનના જૂના અને અપ્રસ્તુત વીડિયો વ્હોટ્સએપ તથા ટેલિગ્રામ ગ્રુપ્સમાં વાયરલ કરવામાં આવ્યા હતા. આ પાયાવિહોણા મેસેજ



દ્વારા હજારો શ્રમિકોને ઉશ્કેરવામાં આવ્યા હતા કે તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે. પોલીસ તપાસમાં એ પણ ખૂલ્યું છે કે આ ડિજિટલ પ્લેટફોર્મ પર ખાસ કરીને પોલીસ દળને ટાર્ગેટ કરવા અને હિંસા માટે ઉશ્કેરણીજનક મેસેજ વહેતા કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ હવે પોલીસનો સાયબર સેલ સક્રિય થયો છે અને શંકાસ્પદ કર્મચારીઓના ફેસબુક, ઈન્સ્ટાગ્રામ તથા વ્હોટ્સએપ એકાઉન્ટ્સ પર બાજ નજર રાખી રહ્યો છે.જ્યારે ૪૦૦૦થી વધુ લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ AM/NSના ગેટ પાસે પથ્થરમારો શરૂ કર્યો, ત્યારે સ્થિતિ નિયંત્રણ બહાર જતી લાગતી હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે બળપ્રયોગ કરવો પડ્યો હતો. ભીડને વિખેરવા માટે પોલીસે હવામાં ૧૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ સિવાય, તોફાની તત્વોને કાબૂમાં લેવા ૩૬ ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા અને ૬ સ્ટન ગ્રેનેડનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. શુક્રવારે સવારે ફરી એકવાર L&Tના ૫૦થી વધુ કર્મચારીઓ એકઠા થતા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી તેમને વિખેરી નાખ્યા હતા. અત્યારે હજીરાના તમામ ઔદ્યોગિક એકમો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત છે અને ઉચ્ચ અધિકારીઓ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે.

### ગુજરાતના અર્થતંત્રમાં શ્રમિકોનું પ્રદાન અને વેતનની વાસ્તવિકતા

આ ઘટનાના આંકડાકીય પાસાઓ પર નજર કરીએ તો ગુજરાતની ફેક્ટરીઓ રાજ્યના જીડીપીમાં ૩.૨૪ લાખ કરોડ રૂપિયાનું માતબર યોગદાન આપે છે. રાજ્યમાં અંદાજે ૧૮.૦૧ લાખ વર્કરો ફેક્ટરીઓમાં કામ કરે છે, જેમાંથી ૬.૬૪ લાખ લોકો કોન્ટ્રેક્ટ પદ્ધતિથી જોડાયેલા છે. એક તરફ ઔદ્યોગિક વર્કરનું જીડીપીમાં યોગદાન ૧૧.૭૧ લાખ રૂપિયા જેવું ઊંચું છે, તો બીજી તરફ ઇન્ફોર્મલ સેક્ટરમાં કામ કરતા શ્રમિકોની આર્થિક સ્થિતિ ચિંતાજનક છે. સર્વે મુજબ ગુજરાતમાં ઇન્ફોર્મલ સેક્ટરના શ્રમિકોનું માસિક સરેરાશ વેતન માત્ર ૧૦ હજાર રૂપિયા છે, જે દેશના અન્ય ૧૭ રાજ્યો કરતા પણ ઓછું છે. આ આર્થિક અસમાનતા અને અસંતોષ ક્યાંક ને ક્યાંક આવી હિંસક ઘટનાઓ માટે ફળદ્રુપ જમીન પૂરી પાડે છે.

## ઉનાના ગાંગડા ગામે ગૌચરની જમીન પરના દબાણો દુર કરાયા

ઉના,તા.૨૭



તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના તાલુકાના ગાંગડા ગામમાં ગૌચરની જમીન પર થયેલા વર્ષો જૂના દબાણો દૂર કરવા માટે તંત્રએ આક્રમક અભિગમ અપનાવ્યો છે. જિલ્લા કલેક્ટરના આદેશ બાદ ઈન્ચાર્જ ટીડીઓ અને પોલીસ કાફલાએ ૧૩ જેસીબીની મદદથી ઓપરેશન શરૂ કર્યું હતું. આ જમીન પર છેલ્લા ૩૦ વર્ષથી આંબા અને નારિયેળીના બગીચા બનાવીને ગેરકાયદે પેશકદમી કરવામાં આવી હતી. આશરે ૫૦થી વધુ પોલીસકર્મીઓના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બે દિવસીય ઝુંબેશ હાથ ધરીને ૩૦૦ વિઘાથી વધુ જમીન ખાલી કરાવવાનું લક્ષ્ય રખાયું છે. જોકે, માનવીય અભિગમ દાખવીને રહેણાંક મકાનોને આ કાર્યવાહીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે

## કોડીનારના અંબુજા ફાઉન્ડેશન ખાતે મહિલાઓની જાતિય સતામણી વિષય હેઠળ જાગૃતિ શિબિર યોજાઈ

કોડીનાર,તા.૨૭

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગીર સોમનાથ દ્વારા મહિલાઓને તેમના કાનૂની હક્કો વિશે જાગૃત કરવા અને સુરક્ષિત કાર્યસ્થળ માટે માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી અંબુજા ફાઉન્ડેશન કોડીનાર ખાતે એક વિશેષ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી સોનલબેન



તસવીર : ધર્મેશ પાઠક

રાઠોડ દ્વારા જાતિય સતામણી અંગેની કાયદાકીય જોગવાઈઓ, 'She Box' તેમજ આજના ટેક્નોલોજીના યુગમાં સોશિયલ મીડિયામાં AI ના ઉપયોગથી થતી જાતિય સતામણી અને તેના દુષ્પરિણામો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, કોડીનાર તાલુકા કાનૂની સેવા સત્તા મંડળના પેરાલીગલ વોલિન્ટર પ્રકાશભાઈ જે. મકવાણાએ કાયદાની વિવિધ કલમો અને મહિલાઓને મળતી મફત કાનૂની સહાય અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ સેમિનારમાં પ્રિન્સિપાલ માવજીભાઈ પરમાર, વિવિધ વિભાગોના કર્મચારીઓ તેમજ અંબુજા ફાઉન્ડેશનમાં તાલીમ લેતી વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ઉના સરકારી હોસ્પિટલમાં તબીબની બેદરકારી: પ્રસૂતા ૮ કલાક સુધી સારવાર વિહોણી રહી

**તબીબની બેદરકારીને કારણે પરિવારજનોમાં ભારે આક્રોશ**

ઉના,તા.૨૭

ઉનાની સરકારી હોસ્પિટલમાં પ્રસૂતાને સમયસર સારવાર ન મળતા ગંભીર બેદરકારી સામે આવી છે. ઉના તાલુકાના ગાંગડા ગામના મનીષાબેન અજીતસિંહ ગોહિલને પ્રસૂતિની પીડા ઉપડતા પરિવારજનો તેમને રાત્રે ૩ વાગ્યે સરકારી હોસ્પિટલ લાવ્યા હતા. જોકે, સવારે ૧૧ વાગ્યા સુધી કોઈ તબીબ હાજર ન રહેતા પ્રસૂતાએ લાંબો સમય પીડા સહન કરવી પડી હતી. પરિવારજનોના જણાવ્યા અનુસાર, હોસ્પિટલ સ્ટાફને વારંવાર જાણ કરવા છતાં તબીબ આવ્યા ન હતા. ત્યારબાદ જ્યારે એક તબીબ અન્ય દર્દીને તપાસવા આવ્યા ત્યારે મનીષાબેનના પરિવારે તપાસવા વિનંતી કરી હતી, પરંતુ ગાયનેક તબીબે 'ફ્રેશ થઈને આવ્યા પછી તપાસ કરશે' તેવો જવાબ આપ્યો હતો.

## ખાંભા પંથકમાં સગીર વયની કિશોરી પર ખેતરની ઓરડીમાં દુષ્કર્મથી ચકચાર

**પોલીસે આરોપીને ઝડપી પાડવા અલગ-અલગ ટીમની રચના કરી**

ખાંભા, તા. ૨૭


અમરેલી જિલ્લાના ખાંભા પંથકમાં એક સગીર વયની કિશોરી પર દુષ્કર્મ ગુજારવાની શરમજનક ઘટના સામે આવી છે. આરોપીએ સગીરાની એકલતાનો લાભ લઈ ખેતરની ઓરડીમાં તેની સાથે બળજબરી કરી હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ અંગે સગીરાના માતાએ મૂળ રાજસ્થાનના અને હાલ સાવરકુંડલાના યુવક સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ મનસુખભાઇ રામભાઇ વણજારા નામના યુવકે તેમની સગીર વયની પુત્રી જ્યારે વાડી/ખેતરની ઓરડીમાં એકલી હતી, ત્યારે આરોપીએ ત્યાં ધસી જઈ તેની એકલતાનો લાભ લીધો હતો. આરોપીએ તેની પુત્રીને ઓરડીમાં નીચે સુવડાવી, તેની મરજી વિરુદ્ધ બળજબરી કરી હતી. સગીરાને નિર્વસ્ત્ર કરી તેની સાથે શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું. આટલું જ નહીં, આ કૃત્ય બાદ કોઈને જાણ ન કરવા માટે આરોપીએ સગીરાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઉપરાંત પીડિતાના માતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ,આ ઘટના પહેલા પણ આરોપીએ સગીરાનો હાથ પકડી તેની છેડતી કરી હતી અને ત્યાંથી નાસી છૂટ્યો હતો. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ એ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

## ગોંડલમાં 'સ્વદેશી મેળા'નો ભવ્ય પ્રારંભ: ૫૦થી વધુ સ્ટોલ દ્વારા સ્થાનિક કલા-કૌશલ્યને અપાશે વેગ

ગોંડલ,તા.૨૭

ગોંડલ નગરપાલિકા અને NULM શાખા દ્વારા સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી ચીજવસ્તુઓને વેગ આપવાના ઉમદા હેતુથી 'સ્વદેશી મેળા શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગોંડલના મહારાજા સર ભગવતસિંહજીના 'મેક ઈન ગોંડલ' અને 'મેડ ઈન ભારત'ના



સ્વપ્નો સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે આ મેળાનો પ્રારંભ થયો છે.

સંગ્રામસિંહજી હાઈસ્કુલ ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને રીબીન કાપીને આ મેળાને લોકો માટે ખુલ્લો મુકાયો હતો. આ મેળો ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૬ માર્ચ ૨૦૨૬ સુધી દરરોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે. 'હર ઘર સ્વદેશી' અને 'વોકલ ફોર લોકલ' ના મંત્રને સાર્થક કરતા આ આયોજનનો મુખ્ય હેતુ કુશળ કારીગરોને મંચ પૂરું પાડવાનો અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવાનો છે.

## ગોંડલવાસીઓ માટે ઉનાળા પહેલાં જ રાહતના સમાચાર: 'સૌની યોજના' મારફતે પાંચિયાવદર પહોંચ્યા નર્મદાના નીર

ગોંડલ,તા.૨૭



ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાની સતત રજૂઆત અને સફળ પ્રયાસોના પરિણામે, રાજ્ય સરકાર દ્વારા 'સૌની યોજના' લિંક-૩ મારફતે નર્મદાના નીર ગોંડલ તાલુકાના પાંચિયાવદર ખાતે છોડવામાં આવ્યા છે. ઉનાળો હજી તો શરૂ થાય તે પહેલાં જ નર્મદાના નીર પહોંચતા ગોંડલમાં દર વર્ષે ઉનાળામાં સર્જાતી પાણીની અછતની ચિંતાનો હવે અંત આવ્યો છે. પાંચિયાવદર ખાતે જ્યારે મા નર્મદાના નીર પહોંચ્યા, ત્યારે વાતાવરણ ઉત્સવમય બની ગયું હતું. ગોંડલ નગરપાલિકા અને શહેર ભાજપના હોદ્દેદારો દ્વારા નર્મદાના નવા નીરના ફૂલહાર અને વિધિવત પૂજન સાથે વધામણાં કરવામાં આવ્યા હતા.

## સૌરાષ્ટ્રના જિલ્લાઓમાંથી ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં નવા ઘઉંની આવક



તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ,તા.૨૭

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં નવા ઘઉંની આવક શરૂ કરવામાં આવી હતી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે નવા ઘઉંની પુષ્કળ આવક થતા યાર્ડ ઘઉંથી છલકાયું હતું. યાર્ડમાં ગીર સોમનાથ, જૂનાગઢ પોરબંદર સહિત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી ખેડૂતો ઘઉં લઈને આવ્યા હતા. ઘઉંની પુષ્કળ આવક સાથે સિઝનની રેકોર્ડ બ્રેક ૩૦ હજાર ગુણીની આવક થઈ હતી. જેમાં ખેડૂતોને ૨૦ કિગ્રા ના ૫૦૦ થી લઈને ૬૫૦ સુધીના ભાવ મળ્યા હતા. હાલ ઘઉંની આવક રાબેતામુજબ ચાલુ છે.

## કોડીનારના દેવળી વસ્તી ખાતે આરએસએસના શતાબ્દી વર્ષ નિમિત્તે 'વિરાટ હિન્દુ સંમેલન' સંપન્ન

કોડીનાર,તા.૨૭

કોડીનાર નગરના દેવળી વસ્તી વિસ્તારમાં દેદાજીબાપાની પ્રતિમાના પટાંગણમાં અને હનુમાનજી મંદિરના સાનિધ્યમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે એક ભવ્ય 'વિરાટ હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હિન્દુ સમાજની એકતા, સદભાવ અને સમરસતાના અનોખા દર્શન થયા હતા. આ અવસરે દેવળી કુમાર અને કન્યા શાળાના બાળકોએ ભારતની મહાન વિભૂતિઓની વેશભૂષા ધારણ કરી સૌનું ધ્યાન



તસવીર : કુલદીપ પાઠક

ખેંચ્યું હતું. આ કાર્યક્રમમાં વક્તા ગીતાબેન દાહિમાએ વર્તમાન સમયમાં નાગરિકોની રાષ્ટ્ર પ્રત્યેની ફરજો અંગે માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે જયાબેન મોરીએ હિન્દુ ધર્મના ગૌરવશાળી ઈતિહાસ અને પડકારો વિશે વાત કરી હતી. આ સંમેલનમાં પાધેશ્વરી આશ્રમ-મટાણાથી કરસનદાસબાપુ (ઉપવાસી) વિશેષ આશીર્વાદ આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાયસિંહભાઈ ઝાલાએ કર્યું હતું, જ્યારે આયોજનના સંયોજક તરીકે સ્વચ્છતાના આગ્રહી વિનુભાઈ પરમારે જહેમત ઉઠાવી હતી.


### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૩/૨૬ તા.૨૭/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી મેમુનાબેન કાસમભાઈ સેતા વા/ઓ નૌશાદભા ઉમરભાઈ માંડલીયા રે.ખાટકીવાસ, મુ.ધ્રોલ જી.જામનગર મો.૯૯૨૫૪૨૫૩૨૨

અરજદારશ્રીના વિ.વ.શ્રી સાબીર એસ. અમીર ચાવંડ ગેટ, ગુરૂકૃપા કોમ્પ્લેક્ષ, લાઠી, તા.લાઠી જી.અમરેલી મો.૯૮૯૮૪૧૪૭૪૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફિસરશ્રી નગરપાલિકા મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો મેમુનાબેન કાસમભાઈ સેતાનો જન્મ તા.૦૫/૦૪/૧૯૬૭ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૧/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.હર્ષાબેન મનુગીરી ગોસ્વામી (ઉ.વ.૬૮)નું તા. ૨૬/૦૨/૨૦૨૬ને ગુરુવારના રોજ કૈલાસ ગમન થયેલ છે. તે મનુગીરી કુવરગીરી ગોસ્વામીના પત્ની, સંજયગીરી મનુગીરી ગોસ્વામી તથા પંકજગીરી મનુગીરી ગોસ્વામીના માતૃશ્રી થાય છે. તેમનુ સદગતનું બેસણુ તા.૨૮/૦૨/૨૦૨૬ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને મહુવા રોડ પંચવટી સોસાયટી મામલતદાર સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

સ્વ. ચંદ્રકાંતભાઈ અવિચળભાઈ પીઠડિયા (ઉ.વ.૬૯)નું તા. ૨૫/૦૨/૨૦૨૬ને બુધવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમનું બેસણુ તા.૨૭/૨/૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૫થી ૬ કલાકે રાખેલ છે. જે પંચનાથ મંદિર, લીંબડા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.


### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૯૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી હિગોરા લતિફભાઈ અબ્દુલભાઈ
સરનામું :- મુ.ડુંગર તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી - ડુંગર, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી હિગોરા લતિફભાઈ અબ્દુલભાઈએ તેમના મોટાભાઈના પુત્ર નામે શ્રી ફારૂકભાઈ ઈસાભાઈ હિગોરાનો જન્મ તા.૧૮/૦૩/૧૯૬૦ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૦૨/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગાહા શેરમામદભાઈ અલારખભાઈ
સરનામું :- મુ.ડુંગર તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી - ડુંગર, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી ગાહા શેરમામદભાઈ અલારખભાઈએ તેમના પુત્ર નામે શ્રી ગાહા આસીફભાઈ શેરમામદભાઈનો જન્મ તા.૧૦/૦૨/૧૯૯૨ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# વિકસિત ભારત ૨૦૪૭: દરેક સુધારો અને બજેટ ફાળવણી લક્ષ્ય તરફનું મક્કમ પગલું હોવાનું જણાવતા પીએમ મોદી

નવી દિલ્હી, તા.૨૭




પ્રથમ પોસ્ટ-બજેટ વેબિનારને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સરકાર દ્વારા કરવામાં આવતા દરેક સુધારા અને બજેટની ફાળવણી 'વિકસિત ભારત ૨૦૪૭' ના ધ્યેયને હાંસલ કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ભાર મૂક્યો કે નીતિગત નિર્ણયોનો મુખ્ય ઉદ્દેશ્ય લાંબા ગાળાના વિકાસને વેગ આપી દેશને વિકસિત અર્થતંત્ર બનાવવાનો છે. પીએમ મોદીએ જણાવ્યું કે છેલ્લા દાયકામાં ભારતીય અર્થતંત્રે અભૂતપૂર્વ મજબૂતી દર્શાવી છે. તેમણે ટેકનોલોજી, સુધારા અને નાણાંના સમન્વય પર ભાર મુકતા કહ્યું કે, માત્ર નીતિ ઘડવી પૂરતી નથી, પરંતુ તેનું જમીની સ્તરે ચુસ્ત અમલીકરણ અને મૂલ્યાંકન પણ જરૂરી છે. પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે તેમણે AI, બ્લોકચેન અને ડેટા એનાલિટિક્સના ઉપયોગની હિમાયત કરી હતી. વડાપ્રધાને જાહેર મૂડી ખર્ચમાં થયેલા ધરખમ વધારાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ૧૧ વર્ષ પહેલાં જે ખર્ચ ૨ લાખ કરોડ હતો, તે હવે વધીને ૧૨ લાખ કરોડ થયો છે. આ રોકાણ ખાનગી ક્ષેત્ર માટે એક સ્પષ્ટ સંદેશ છે કે તેઓ નવી ઊર્જા સાથે આગળ આવે. તેમણે પ્રોજેક્ટમાં થતા વિલંબને રોકવા અને સરકાર-ઉદ્યોગ વચ્ચે મજબૂત ભાગીદારી બનાવવા પર પણ વિશેષ ભાર મૂક્યો હતો.

# સોમવાર સુધીમાં રાજયની તમામ હોસ્પિટલોમાં શ્વાનની સંખ્યાનો અહેવાલ રજૂ કરવા આદેશ

ગાંધીનગર, તા.૨૭



રાજ્યની સિવિલ હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં રખડતા શ્વાનો દ્વારા દર્દીઓ અને તેમના સબંધીઓને પહોંચતી ઈજાઓ રોકવા સરકારે કવાયત હાથ ધરી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે, હોસ્પિટલ પ્રિમાઈસીસ અને અન્ય જાહેર સ્થળોએ શ્વાનોની ચોક્કસ સંખ્યા જાણી તેમને 'શેલ્ટર હોમ' માં શિફ્ટ કરવાની વિચારણા ચાલી રહી છે. આ માટે જાહેર કરાયેલા પરિપત્ર મુજબ, સોમવાર સુધીમાં તમામ હોસ્પિટલોએ શ્વાનોની સંખ્યાનો વિગતવાર અહેવાલ રજૂ કરવાનો રહેશે. ચીફ સેક્રેટરી આ આંકડાઓ સુપ્રીમ કોર્ટને સોંપશે. જોકે, શિક્ષકો અને તલાટીઓ બાદ હવે આરોગ્યકર્મીઓને શ્વાન ગણતરીની કામગીરી સોંપાતા રાજકોટ સહિતના જિલ્લાઓમાં કર્મચારીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે. જિલ્લા આરોગ્ય અધિકારીએ સ્પષ્ટ કર્યું છે કે અદાલતના આદેશનું પાલન કરવું ફરજિયાત છે, તેથી ૩ માર્ચ સુધીમાં ૫૫ આરોગ્ય કેન્દ્રો અને અન્ય હોસ્પિટલોનો રિપોર્ટ તૈયાર કરી દેવામાં આવશે.

## તમિલનાડુમાં રાજકીય પલટો: પૂર્વ સીએમ ઓ. પન્નીરસેલ્વમ ડીએમકેમાં જોડાયા

તમિલનાડુ,તા.૨૭



તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પૂર્વે રાજ્યના રાજકારણમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે. AIADMK ના પૂર્વ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ઓ. પન્નીરસેલ્વમ (OPS) સત્તાધારી ડીએમકે (DMK) પક્ષમાં જોડાયા છે. ચેન્નાઈ સ્થિત પાર્ટી મુખ્યાલયમાં મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને તેમનું ઔપચારિક સ્વાગત કર્યું હતું. જયલલિતાના વફાદાર ગણાતા OPS એ જણાવ્યું કે તેઓ દ્રવિડિયન વિચારધારાની રક્ષા કરવા અને સ્ટાલિનના સુશાસનથી પ્રભાવિત થઈને આ નિર્ણય લીધો છે. સૂત્રો મુજબ, આગામી ચૂંટણીમાં તેઓ થેની જિલ્લાની બોડીમેટ્ટુ બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. આ જોડાણથી તમિલનાડુના રાજકીય સમીકરણો બદલાવાની શક્યતા છે.

# પૂંચમાં એલઓસી પાસે શંકાસ્પદ ડ્રોન દેખાતા સેનાનું ફાયરિંગ, આતંકી ઠેકાણામાંથી હથિયારોનો જથ્થો જપ્ત

જમ્મુ,તા.૨૭



જમ્મુ-કાશમીરના પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખા (LoC) પર ફરી એકવાર શંકાસ્પદ ડ્રોનની હિલચાલ જોવા મળતા સુરક્ષા દળો સતર્ક બન્યા છે. શુક્રવારે ગુલપુર સેક્ટરના સરહદી વિસ્તારોમાં ડ્રોન દેખાયા બાદ સેનાએ તાત્કાલિક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હવાઈ માર્ગે થતી આ શંકાસ્પદ ગતિવિધિને રોકવા માટે સૈનિકોએ અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેના પરિણામે ડ્રોન સરહદ પાર પરત ફરી ગયું હતું. હાલ સેનાની ટુકડીઓ ઘટનાસ્થળે તૈનાત છે અને ચુસ્ત દેખરેખ રાખી રહી છે. બીજી તરફ, સુરક્ષા દળોને આતંકવાદ વિરોધી અભિયાનમાં મોટી સફળતા મળી છે. બુધવારે મેંધાર વિસ્તારના સૈલાની કસ્બાલારી ગામમાં સેના અને પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન એક ગુફામાં છુપાયેલું આતંકવાદીઓનું ઠેકાણું મળી આવ્યું હતું. સરહદ પર ડ્રોન દ્વારા હથિયારો કે નશીલા પદાર્થો મોકલવાના પાકિસ્તાની મનસૂબાને નિષ્ફળ બનાવવા સેના હાઈ એલર્ટ પર છે.

## નિતેશ રાણેનું વિવાદાસ્પદ નિવેદન: "મદરેસા આતંકવાદના કેન્દ્રો છે"

મહારાષ્ટ્ર,તા.૨૭




મહારાષ્ટ્રના સિંધુદુર્ગમાં એક મદરેસામાં વિદ્યાર્થીઓને માર મારવાનો વીડિયો વાયરલ થયા બાદ રાજકીય વિવાદ છેડાયો છે. ભાજપના નેતા નિતેશ રાણેએ આ ઘટના પર આકરા પ્રહાર કરતા મદરેસાઓને 'આતંકવાદના કેન્દ્રો' ગણાવ્યા હતા અને દાવો કર્યો હતો કે ત્યાં આતંકવાદીઓને તાલીમ આપવામાં આવે છે. તેમણે મુખ્યમંત્રી પાસે રાજ્યમાં મદરેસાઓ બંધ કરાવવાની માંગ કરી છે. આ નિવેદન સામે વિરોધ પક્ષોએ તીખી પ્રતિક્રિયા આપી છે. સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમી અને કોંગ્રેસના અસલમ શેખે રાણેના આરોપોને પાયાવિહોણા ગણાવી પુરાવા માંગ્યા છે. હાલ પોલીસે વાયરલ વીડિયોની તપાસ હાથ ધરી છે.

# ભારત-અમેરિકા વેપાર કરાર વિરૂધ્ધ સંયુક્ત કિસાન મોરચાનું રાષ્ટ્રવ્યાપી આંદોલન

નવી દિલ્હી,તા.૨૭



સંયુક્ત કિસાન મોરચા (SKM) એ ભારત-અમેરિકા વેપાર કરારના વિરોધમાં બે મોટા રાષ્ટ્રવ્યાપી અભિયાનોની જાહેરાત કરી છે. ખેડૂત સંગઠનો આ કરારને 'રાષ્ટ્ર વિરોધી' ગણાવી રહ્યા છે અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલને બરતરફ કરવાની માંગ કરી રહ્યા છે. એસકેએમના પ્રતિનિધિમંડળો ટૂંક સમયમાં વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને વિપક્ષી નેતાઓને મળીને વિધાનસભાના ખાસ સત્ર બોલાવવાની રજૂઆત કરશે.ખેડૂતોની મુખ્ય માંગણીઓમાં GST કાયદામાં સુધારો કરી રાજ્યોની આર્થિક સ્વાયત્તતા પુનઃસ્થાપિત કરવી, તમામ પાક પર $C2 + 50\%$ ના આધારે MSP ની કાનૂની ગેરંટી આપવી અને વ્યાપક દેવા માફીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સંગઠને મનરેગા હેઠળ રોજગારની સુરક્ષા અને શ્રમ કાયદાઓ પર પણ ભાર મૂક્યો છે. ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના કરારથી સ્થાનિક ખેતીને નુકસાન થવાની ભીતિએ ખેડૂતોએ આક્રમક વલણ અપનાવ્યું છે.

# હોળી પહેલા પગાર ચૂકવવા મુખ્યમંત્રી યોગીનો આદેશ, મિલકતની વિગતો ન આપનારા સામે કડક કાર્યવાહી

લખનૌ,તા.૨૭



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને રાજ્યના તમામ કર્મચારીઓના પગાર સમયસર ચૂકવવા કડક સૂચના આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે આઉટસોર્સિંગ, કોન્ટ્રાક્ટ અને સફાઈ કામદારો સહિત તમામ શ્રેણીના કર્મચારીઓને હોળી પહેલા નાણાં મળી જવા જોઈએ, જેથી કોઈને આર્થિક મુશ્કેલી ન પડે. આ આદેશના અમલીકરણમાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. તહેવારના સમયપત્રક અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૨૮ ફેબ્રુઆરીના શનિવારને કાર્યકારી દિવસ ગણવામાં આવશે, જ્યારે ૩ માર્ચે રજા રહેશે. રાજ્યમાં ૨, ૩ અને ૪ માર્ચ દરમિયાન હોળીની રજાઓ જાહેર કરવામાં આવી છે. બીજી તરફ, મિલકતની વિગતો જાહેર ન કરનારા કર્મચારીઓ સામે સરકારે લાલ આંખ કરી છે. રાજ્યના અંદાજે ૪૭,૮૧૬ કર્મચારીઓ એવા છે જેમણે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં પોતાની સ્થાવર-જંગમ મિલકતની વિગતો સબમિટ કરી નથી.

## ઉત્તર ભારતમાં વધતી ગરમી : ફેબ્રુઆરીમાં તાપમાન સામાન્ય કરતા ૫ ડિગ્રી વધવાની આગાહી

નવી દિલ્હી,તા.૨૭

ઉત્તર-પશ્ચિમ ભારતમાં ઉનાળાનો પ્રારંભ વહેલો થવાના સંકેતો મળી રહ્યા છે. હવામાન વિભાગ (IMD) અનુસાર, દિલ્હી સહિતના મેદાની વિસ્તારોમાં આગામી સાત દિવસોમાં મહત્તમ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. ઘણા રાજ્યોમાં તાપમાન સામાન્ય કરતા ૩ થી ૫ ડિગ્રી સેલ્સિયસ વધુ રહેવાની શક્યતા છે, જેના કારણે ફેબ્રુઆરીમાં માર્ચ જેવી ગરમીનો અનુભવ થશે. છેલ્લા ૨૪ કલાકમાં તમિલનાડુના ઈરોડ અને મહારાષ્ટ્રના શોલાપુરમાં સૌથી વધુ ૩૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. બીજી તરફ, પશ્ચિમી વિક્ષેપના કારણે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવો વરસાદ કે હિમવર્ષા થઈ શકે છે. ગરમીના વધારા સાથે દક્ષિણ ભારતના કેરળ અને કર્ણાટકમાં છૂટાછવાયા વરસાદની પણ સંભાવના છે.

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૨૦/૨૦૨૬ — તા.૧૭/૦૨/૨૦૨૬

શ્રી રસીદભાઈ અજીજભાઈ ભોર
રહે.કોર્ટ પાછળ, વિસાવદર, વિસાવદર જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી રસીદભાઈ અજીજભાઈ ભોર રહે. કોર્ટ પાછળ, વિસાવદર,વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૨૮/૧૧/૧૯૭૫ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૨૫/૨૦૨૬ — તા.૧૭/૦૨/૨૦૨૬

શ્રી બટુકભાઈ બાવાભાઈ નંદાણીયા
રહે.પ્લોટ નં.૨, ગોવર્ધન નગર-૧, જોષીપરા, જુનાગઢ, તા.જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
મોટી મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી બટુકભાઈ બાવાભાઈ નંદાણીયા રહે. જોષીપરા, જુનાગઢ, તા./જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૨૦/૦૩/૧૯૭૪ ના રોજ વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૧૯/૨૦૨૬ — તા.૩૧/૦૧/૨૦૨૬

શ્રી મહેન્દ્રભાઈ રાજેશભાઈ રાજપુત
રહે.ખોડીયાર પરા, વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલિકા, વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી મહેન્દ્રભાઈ રાજેશભાઈ રાજપુત રહે. ખોડીયાર પરા, વિસાવદર, વિસાવદર, જી. જુનાગઢ એ તેમની પુત્રી શ્રી દૃષ્ટિબેન મહેન્દ્રભાઈ રાજપુત નો જન્મ તા.૧૦/૦૫/૨૦૧૬ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, વિસાવદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૩૧ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**CHANGE OF NAME**

I Undersigh DHANANI JAGDISHBHAI BABUBHAI have changed my name from DHANANI JAGDISH BABU To DHANANI JAGDISHBHAI BABUBHAI (New) Now i will be known as DHANANI JAGDISHBHAI BABUBHAI (new)
Sigh : DHANANI JAGDISHBHAI BABUBHAI
Address: CHITALIYA ROAD,UMIYANAGAR-2,AT-JASDAN,DIST-RAJKOT,GUJARAT INDIA-360050

**CHANGE OF NAME**

I Undersigh RUPARELIYA ASHOKBHAI GORADHANBHAI have changed my name from RUPARELIYA ASHOK GORDHANBHAI To RUPARELIYA ASHOKBHAI GORADHANBHAI (New) Now i will be known as RUPARELIYA ASHOKBHAI GORADHANBHAI (new)
Sigh : RUPARELIYA ASHOKBHAI GORADHANBHAI
Address: CHITALIYA ROAD,RAMESHVAR SOCIETY, AT-JASDAN, DIST-RAJKOT,GUJARAT INDIA-360050

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૨૬/૨૦૨૬ — તા.૨૩/૦૨/૨૦૨૬

શ્રી જીવાભાઈ હમીરભાઈ બારેજીયા,
રહે.તાલુકા પંચાયત રોડ, વિસાવદર, તા.વિસાવદર, જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
કાલસારી, તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી જીવાભાઈ હમીરભાઈ બારેજીયા, રહે. વિસાવદર, તા.વિસાવદર, જી.જુનાગઢ એ તેમનો જન્મ તા.૦૧/૦૩/૧૯૪૮ ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૩ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૭/૨૦૨૬

અરજદાર : શ્રી સાંખટ રામભાઈ દંતાભાઈ
સરનામુ : મું.કડીયાળી તા.જાફરાબાદ જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - કડીયાળી
મું.કડીયાળી તા.જાફરાબાદ જિ.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના કડીયાળી** ગામના **શ્રી સાંખટ રામભાઈ દંતાભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી સાંખટ કનુભાઈ રામભાઈ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૮૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહીડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૬/૨૦૨૬

અરજદાર : શ્રી બ્લોચ હવાબેન ઈસ્માઈલભાઈ
સરનામુ : મું.કડીયાળી તા.જાફરાબાદ જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - કડીયાળી
મું.કડીયાળી તા.જાફરાબાદ જિ.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના કડીયાળી** ગામના **શ્રી બ્લોચ હવાબેન ઈસ્માઈલભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી બ્લોચ અયુબખાન ઈસ્માઈલખાન નો જન્મ** તા.૦૮/૧૧/૧૯૮૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૫/૦૧/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત બન્યું દેશનું સેમિકંડક્ટર હબ



## સાણંદ બનશે **દેશમાં સેમિકંડક્ટર ઈન્ડસ્ટ્રીનું** પ્રવેશદ્વાર

## ભારતનું **'સેમિકંડક્ટર ફેબ ફ્રન્ટિયર'** બનશે ધોલેરા SIR

રોકાણમાં મોખરેઃ સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે ₹1.24 લાખ કરોડના પ્રોજેક્ટ કોસ્ટ સાથેના ઉદ્યોગો આકર્ષિત કર્યા છે, જે ભારતના કુલ મંજૂર થયેલ સેમિકંડક્ટર પ્રોજેક્ટ કોસ્ટના લગભગ 75%થી વધુ છે

સાણંદ - ATMP/OSAT હબઃ માઈક્રોન (₹22,516 કરોડ), સીજી સેમી (₹7,600 કરોડ) અને કેન્સ ટેક (₹3,300 કરોડ) જેવી મોટી કંપનીઓ સાથે સાણંદ દેશનું સૌથી મોટું ATMP/OSAT હબ બનવા જઈ રહ્યું છે

ધોલેરામાં ભારતનો પ્રથમ ફેબઃ ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ₹91,526 કરોડના પ્રોજેક્ટ કોસ્ટથી ધોલેરામાં ભારતનો પ્રથમ કૉમર્શિયલ ફેબ સ્થપાઈ રહ્યો છે, જેની ક્ષમતા દર મહિને 50,000 ચિપ્સ બનાવવાની હશે

રોજગારીની તકોઃ રાજ્યમાં 50,000 થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે



## મુખ્ય વિશેષતાઓ

પ્રથમ રાજ્યઃ ગુજરાત સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે, જે સેમિકંડક્ટર કંપનીઓને તમામ શક્ય પ્રોત્સાહન અને સુવિધાઓ પૂરી પાડે છે

ટૅકનૉલૉજીઃ ધોલેરા SIR ભારતના 'ફેબ ફ્રન્ટિયર' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના વિશાળ પ્લાન્ટમાં 28 નેનોમીટરની ચિપ્સનું ઉત્પાદન થશે, જે ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં નવો અધ્યાય લખશે

ઇન્ફ્રાસ્ટ્રક્ચરઃ ધોલેરાની વિશાળ જમીન, સમર્પિત પાણી અને ગેસ ગ્રીડ અને આગામી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેને ભવિષ્યના 'સેમિકંડક્ટર-રેડી' સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરશે

શૈક્ષણિક મૉડલઃ રાજ્યની 118 એન્જિનિયરિંગ કૉલેજો અને 16 યુનિવર્સિટીમાંથી દર વર્ષે બહાર પડતા 50,000 થી વધુ એન્જિનિયરોને ઉદ્યોગ માટે સજ્જ કરવા SAMARTH અને ChipIN જેવા અત્યાધુનિક મૉડલ વિકસાવવામાં આવી રહ્યા છે

કૌશલ્યવર્ધનઃ IIT ગાંધીનગર ખાતે ₹194.21 કરોડના ખર્ચે કાર્યરત 'SAMARTH' પ્રોજેક્ટ હેઠળ આગામી 5 વર્ષમાં 2,600 થી વધુ નિષ્ણાત એન્જિનિયરો તૈયાર કરવામાં આવશે

## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી વિઝનથી ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે

વૈશ્વિક સ્તરે સેમિકંડક્ટર મેન્યુફેક્ચરિંગના શ્રેષ્ઠ સ્થળ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા અમે પ્રતિબદ્ધ છીએ. વ્યૂહાત્મક ભાગીદારીના માધ્યમથી ગુજરાતને ભારતનું સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર બનાવીશું

- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

